પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૧૨/૨૦૨૫, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ માગશર વદ-૧૦ વર્ષ : ૧૬ અંક : ૩૦૭


**સુવિચાર**

"ક્યારેક એવું પણ બનતું હોય છે કે, સામેવાળી વ્યક્તિ ભોળી હોવાના કારણે આપણે ચતુર સાબિત થતાં હોઈએ છીએ."


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ
(ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.


### પોલીસ અધિક્ષકની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચે ૧૧ ચોરીઓ ડીટેક્ટ કરી

## અમરેલી સહિત અર્ધો ડઝન જિલ્લામાં ઈલેક્ટ્રીક વાયરની ચોરી કરતી ગેંગને ઝડપી લેવામાં આવી

### ૮ જેટલા શકમંદો પાસેથી લાખો રૂપિયાનો મુદ્દામાલ કબ્જે

અમરેલી, તા. ૧૩

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલ્કત સબંધી ગુન્હાઓના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેકટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં આવેલ. અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ મિલ્કત સબંધી આરોપીની સઘન તપાસ દરમ્યાન બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલ.સી.બી. ટીમ દ્વારા અમરેલીમાં રહેતાં આરોપી દેવચંદ ઉર્ફે કાલો રવજીભાઈ સોલંકી, સુનીલ કમલેશભાઈ સોલંકી, નીતીન ઉર્ફે સુનીલ સુરેશભાઈ સોલંકી, મોઈફભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### ડિજિટલ યુગની નવી ઉપાધિ

## અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડની વધુ પાંચ ફરિયાદ નોંધવામાં આવી

### કોઈપણ વ્યકિતને ખાતાની વિગતો આપવી તે જોખમી

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં સાયબર

અનુસંધાન પાના ૬ ઉપર
















# અમરેલી ખાતે કાર્યરત બહેરા–મુંગા શાળાનું સિલ્વર જયુબિલી વર્ષ પુર્ણ



અમરેલી ખાતે કાર્યરત મુકબધિર સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરા–મુંગા શાળા આજે ૧૪ ડીસેમ્બરનાં ૨૫ વર્ષ પુર્ણ કરી રહી છે. આજથી બરાબર ૨૫ વર્ષ પહેલા એક વિચારબીજનું વાવેતર થયું. અને આજે એ વિશાળ વટવૃક્ષ બનીને શ્રવણમંદ દિવ્યાંગ બાળકોના જીવનમાં શિતલ છાયાં ફેલાવી રહયું છે. ૨૫ વર્ષની આ સફળ તાનો શ્રેય સૌ અમરેલી વાસીઓને સમર્પિત કરવામાં આવ્યો છે. માત્ર અમરેલી જ નહી પણ વિશ્વભરના નાના મોટા સૌ દાતાઓ જેના હૃદયમાં આ સંસ્થા છે સર્વેનો આભાર માનવામાં આવી રહયો છે. આ સંસ્થા શહેર, રાજય અને રાષ્ટ્રના સિમાડા તોડી ને વિશ્વભરમાં વિસ્તરી તેનુ સૌને ગૌરવ છે. સંસ્થાના સંચાલકોએ જણાવ્યું છે કે, અમો કરબધ્ધ કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ કેટલીક ખાસ સંસ્થાઓ પીજીવીસીએલ કંપની, એએમપી કંપની પીપાવાવ, રોટરી ક્લબ ઓફ અમરેલી, ટાવરચોક વેપારી એસો., વેપારી મહામંડળ, લાયન્સ ક્લબ, સંસ્કાર ગૃપ, સમાજ સુરક્ષા પરિવાર, બીઓબી પરિવાર, ટીએમબી પરિવાર, એલઆઈસી પરિવાર વગેરે પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવા 'આભાર' શબ્દ આજ બહુ વામણો લાગે છે. અને શ્રમિકવર્ગથી લઈ સરકારી કર્મચારી, અધિકારી, પદાધિકારી, બિઝનસમેન સુધીના નામી– અનામી મૃદુહૃદયી એવા અમરેલીના સર્વે સેવાપરાયણી સમાજ સેવીઓના જેમણે આ સેવા યજ્ઞ કાર્યમાંપવીતઆહુતિ આપી છે. અને આપણી આ અગ્નિ શીખા પ્રજજવલિત રહી શકી છે. વધુમાં જણાવેલ છે કે, અમરેલી વિસ્તારની વધુ દીકરીઓને રહેવા–અભ્યાસની સગવડતા આપી શકાય તે હેતુથી દીકરીઓના છાત્રાલયમાં વધુ ૧૨ રૂમો બની રહ્યાં છે. તેના દાતાઓનો પણ હૃદયથી આભાર આ સેવાકાર્યમાં પણ સૌનો પ્રેમ મળતો રહે તેવી આશા સેવવામાં આવી રહી છે. મુકબધિર બાળકો પ્રત્યે આપે જે હુંફ, પ્રેમ અને આદર વ્યક્ત કર્યો છે તે બદલ સૌનો ફરી ફરી અંતકરણ આભાર તેમ અંતમાં જણાવેલ છે.

### ''બેટી બચાવો–બેટી પઢાઓ'' સેલ–અમરેલી દ્વારા

## અમરેલીમાં પોક્સો (POCSO) એક્ટ જાગૃત્તિકરણ સેમિનાર યોજાયો

### આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે કાર્યક્રમ યોજાયો



અમરેલી, તા. ૧૩

''બેટી બચાવો–બેટી પઢાઓ'' સેલ–અમરેલી દ્વારા આદર્શ નિવાસી કન્યા શાળા, અમરેલી ખાતે પોક્સો (POCSO) એક્ટ જાગૃત્તિકરણ સેમિનાર યોજાયો હતો. નગરપાલિકાના ઉપપ્રમુખ, બીનાબેન કાલેણાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા સેમિનારમાં વિદ્યાર્થિનીઓ અને મહિલાઓમાં બાળકીઓની સુરક્ષા અંગે માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરીયા દ્વારા ''બેટી બચાઓ બેટી પઢાઓ'' યોજના અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જિલ્લા બાળ સુરક્ષઆ એકમમાંથી ગીતાબેન સોલંકી દ્વારા પોક્સ એક્ટ વિશે વિસ્તૃત કાયદાકીય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જિલ્લા મિશન કો–ઓર્ડિનેટર, હસમુખભાઈ રાઠોડ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના કાઉન્સેલર, માધવી બેન દ્વારા સેન્ટર વિશે માહિતી આપવામાં આવી હતી. કાઉન્સલેર, રેશ્માબેન દ્વારા મહિલા સહાયતા કેન્દ્ર વિશે માહિતી આપવામાં આવી હતી. ચાઈલ્ડ લાઈનવતી, આરતીબેન દ્વારા બાળ લગ્ન નાબૂદી શપથ લેવડાવવામાં આવ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના આચાર્ય અંકુરભાઈએ શાબ્દીક સ્વાગત કર્યુ હતું. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી બીનાબેન કાલેણાએ માર્ગદર્શન આપ્યું હતું. જેન્ડર સ્પેશિયાલિસ્ટ જાનાબેન ગળચર દ્વારા આભાર વિધિ કરી કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

આ સેમિનાર દ્વારા વિદ્યાર્થિનીઓમાં કાયદાકીય જ્ઞાન, સુરક્ષા અને સશકિતકરણ અંગે જાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. બેટી બચાવો બેટી પઢાવો યોજના અને પોક્સો એક્ટ જેવી મહત્ત્વપૂર્ણ યોજના અને કાયદા અંગેની સમજણ આ સેમિનાર દ્વારા આપવામાં આવી જે સમાજમાં મહિલાઓ અને બાળકીઓના હીત માટે મહવપૂર્ણ પગલું છે તેમ મહિલા અને બાળ અધિકારી, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

## સાવરકુંડલા તાલુકા કક્ષાનો સાંસદ ખેલ મહોત્સવ યોજાયો



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા તાલુકા કક્ષાના સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નું આયોજન કે.કે. હાઈસ્કૂલના યજમાનપદે તારીખ ૯ ડિસેમ્બર થી ૧૧ ડિસેમ્બર સુધી કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા તાલુકાની ઘણી બધી શાળાના વિદ્યાર્થીઓ તથા યુવાનોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ચેસ, રસ્સાખેંચ, વોલીબોલ અને ખો–ખો જેવી વિવિધ રમતોનું આયોજન થયું.

સાંસદ ખેલ મહોત્સવના કન્વીનર તરીકે શાળાના વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવે મહત્વની ભૂમિકા ભજવી હતી તથા સાવરકુંડલા તાલુકાના વ્યાયામ શિક્ષક મિત્રોએ રેફરી તરીકે ઉમદા કામગીરી કરી હતી. આ ઉમદા કામગીરી બદલ શાળાના પ્રિન્સિપાલ અને સમગ્ર સાંસદ મહોત્સવના સંચાલક ચેતનભાઈ ગુજરીયાએ શાળાના વ્યાયામ શિક્ષક, ખેલ સહાયક મિત્રોને આભાર સાથે અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર સ્પર્ધા ખૂબ જ શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી.

## રાજુલાની મુલાકાતે જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા



અમરેલી, તા.૧૩

સરકાર દ્વારા ચાલતી યોજનાઓ અને વિકાસના કામોને વધુ વેગવંતા બનાવવા ઉતમ ઉદ્દેશ સાથે અમરેલી જિલ્લા વિકાસ અધિકારી પરીમલ પંડયા દ્વારા રાજુલા તાલુકાની મુલકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જયારે પંચાયત, આરોગ્ય, આંગણવાડીઅને શિક્ષણ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે સંવાદ કર્યો હતો.

રાજુલા તાલુકાના છતડીયા, ભચાદર, નીંગાળા–૧, અને દેવકા ગામે વિઝીટ કરી હતી. જેમા ૧૫ મા નાણાપંચમાં કરેલ વિકાસના કામોની પરીમલ પંડયા દ્વારા રૂબરૂ સ્થળ મુલકાત કરી નિરીક્ષણ કર્યુ હતું. જયારે સ્કુલ, આંગણવાડી અને ગ્રામ પંચાયતની વિઝીટ કરી વિભાગો દ્વારા કરવામાં આવનાર કામગીરી બાબતે રીવ્યુ મીટીંગ કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો જેથી રાજુલા તાલુકો સર્વાંગી વિકાસમાં હરણફાળ ભરે અને લોકોને અપાતી આરોગ્ય સેવાઓ બાબતે જરૂરી માર્ગદર્શન આપ્યું હતુ.

રાજુલાનીસ મુલાકાત દરમિયાન તાલુકા વિકાસ અધિકારી એન.એ. સરવૈયા, એટીડીઓ એ.એચ. દાણીધરીયા અને સંજયભાઈ કાપડી, ટી.એચ.ઓ. ડો. નિલેશ કલસરીયા, સી.ડી.પી.ઓ. ભગવતીબેન રાઠોડ, ટીપીઓ સુમરા, ગામના સરપંચો અને ગ્રામજનો સહિતના પંચાયત, આંગણવાડી અને આરોગ્યનો સ્ટાફ હાજર રહયો હતો જે યાદીમાં જણાવેલ છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### રાજકોટ ખાતે યોજનાર VGRCનાં ઉપલક્ષમાં

## અમરેલી ખાતે આગામી ૨૬ ડિસેમ્બરે ડિસ્ટ્રિક્ટ લેવલ પ્રોગામનું આયોજન

### રોજગારીની નવી તકોનાં સર્જન માટે પ્રયાસ થશે



અમરેલી, તા. ૧૩

રાજકોટ ખાતે ૧૦ થી ૧૨ જાન્યુ–૨૦૨૬ ના રોજ યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) ના ઉપલક્ષમાં અમરેલી ખાતે આગામી તા. ૨૬ ડિસેમ્બરના રોજ શહેરના શાંતાબા ઓડિટોરીયમ ખાતે ડિસ્ટ્રીકટ લેવલ પ્રોગ્રામ (DLP) યોજાશે. આ કાર્યક્રમના સુચારૂ આયોજન માટે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને અમરેલી સેવાસદન ખાતે એક બેઠક યોજાઈ હતી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સાથે જિલ્લાના ઉદ્યોગકારોએ આ બેઠકમાં કાર્યક્રમ સંદર્ભે ચર્ચા કરી હતી.

આ બાબતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર સતિશ ભાટીયાએ રાજકોટ ખાતે યોજાનાર વાઈબ્રન્ટ ગુજરાત રિજીયોનલ કોન્ફરન્સ અંતર્ગત આયોજિત જિલ્લા સ્તરીય આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લાના ઉદ્યોગકારો–વેપારી સંગઠનોને આવકારવવામાં આવ્યા છે. આ કાર્યક્રમના માધ્યમથી રાજકોટ ખાતે યોજાનાર કાર્યક્રમનું પ્લેટફોર્મ તૈયાર થશે. કાર્યક્રમમાં જિલ્લાના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા અને પ્રભારી સચિવ સંદિપ કુમારની ઉપસ્થિતિમાં વેપારની નવી તકો અને રોજગારીના નવસર્જન અર્થે Mou કરવામાં આવશે.

તેમણે ઉમેર્યું કે, આ કાર્યક્રમમાં બીઝનેસ ટુ બીઝનેસ જોડાણની તકો, નિષ્ણાતોના વ્યાખ્યાન અને ઉદ્યોગકારોનું પ્રદર્શન પણ યોજાશે. કાર્યક્રમમાં રાજય સરકારની યોજનાઓ દ્વારા સહાયતા પ્રાપ્ત કરનારા ઉદ્યોગકારો–વેપારી એકમોને મહાનુભાવોના હસ્તે ચેક અર્પણ કરવામાં આવશે.

જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે અમરેલીના ઔદ્યોગિક વિકાસ અર્થે વેપારીઓ અને ઉદ્યોગકારોને તેમના સૂચનો આપવા માટે જણાવ્યું હતું. જિલ્લાના દરિયાકાંઠા, કૃષિ અને સામુદ્રિક માર્ગની સંભાવનાઓને ધ્યાને રાખી બ્લુ ઈકોનોમી, કૃષિ અને યંત્રો તેમજ પશુપાલન અને ડેરી સહિતની મહવના ક્ષેત્રોમાં ઉદ્યોગ અને MSMEની નવી તકો માટે રાજય સરકાર વતી પૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

આ બેઠકમાં પ્રાંત અધિકારી અમરેલી નાકિયા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અર્પણ ચાવડા, જિલ્લા પોલીસ વડા મથકના નાયબ પોલીસ અધિક્ષક ગોહિલ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના અધિકારીઓ અને કર્મયોગીઓ તેમજ જિલ્લાના ઉદ્યોગકારો અને વેપારી સંગઠનોના ગણમાન્ય વડાઓ ઉપસ્થિતિ રહ્યા હતા.

## ગામનાં સરપંચે જિલ્લા કલેક્ટરને પત્ર પાઠવીને કરી રજૂઆત

# જાફરાબાદનાં બાબરકોટ ગામે સિમેન્ટ કંપની દ્વારા ગેરકાયદેસર ખનન

**ખાનગી સિમેન્ટ કંપની દ્વારા સરકારી પડતર સર્વે નં. ૩૬૬ પૈકી ઉપર બેફામ બ્લાસ્ટિંગ થતું હોવાનો આક્ષેપ**

**સર્વે નં. ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૧૧૯ અને ૧૨૬ ઉપર વગર મંજૂરીએ માઈનિંગ થતું હોવાનું જણાવાયુ**

**ગૌચર સર્વે નંબર ૨૧૪ પૈકી ૧, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪ માં પણ નુકસાન કરાતું હોવાની રજૂઆત**

**મિતિયાળા અને વાંઢ ગામે જતાં જાહેર માર્ગો ઉપર પણ કંપની દ્વારા ખનન થતું હોય તપાસની માંગ**






અમરેલી, તા. ૧૩

ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ અંતર્ગત અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ કંપની સામે ગુનો દાખલ કરવા બાબરકોટ સરપંચ દ્વારા કલેકટરને રજૂઆત આવી.

જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે નર્મદા સિમેન્ટ વકર્સ કંપની અને અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ ગુજરાત સિમેન્ટ વકર્સ કોવાયા નામની આ બે કંપનીઓનું માઈનિંગ લીઝ આવેલ છે. ત્યારે આ બંને કંપનીઓ દ્વારા બાબરકોટ ગામની વિવિધ જમીનો પર બિનકાયદેસર માઈનિંગ કરવામાં આવી રહ્યું છે તેમજ એક ગામથી બીજા ગામ જવા માટેના જાહેર રસ્તાઓનું ખનન કરવામાં આવ્યું છે. આ બંને કંપનીઓ દ્વારા બાબરકોટ ગામે સરકારી પડતર જમીન સર્વે નંબર ૩૬૬ પૈકી તમામ સર્વે નંબરો ઉપર બેફામ બ્લાસ્ટિંગ કરીને માઈનિંગ કરવામાં આવી રહ્યું છે.

બાબરકોટ ગામના યુવા સરપંચ દ્વારા જણાવ્યું છે કે, અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ નર્મદા સિમેન્ટ વકર્સ કંપની દ્વારા સર્વે નંબર ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૧૧૯ અને ૧૨૬ ઉપર બિનકાયદેસર માઈનિંગની મંજૂરી વગર માઈનિંગ કરવામાં આવી રહ્યું છે તથા ગૌચર સર્વે નંબર ૨૧૪ પૈકી ૧, ૨૫૧, ૨૫૨, ૨૫૩, ૨૫૪ સર્વે નંબરોમાં નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. ત્યારે બાબરકોટ ગ્રામ પંચાયતને જાણ થતા ઉપસરપંચ પાચાભાઈ ભુપતભાઈ સાંખટ, સભ્ય જીવરાજભાઈ સાંખટ, મુકેશભાઈ ચાવડા તથા સરપંચ પ્રતિનિધી અનકભાઈ છનાભાઈ સાંખટ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી.

તેમજ બાબરકોટ ગામથી મિતિયાળા અને બાબરકોટ ગામથી વાંઢ ગામ જતા જાહેર રસ્તાઓનું આ કંપની દ્વારા ખનન કરવામાં આવ્યું છે. તદુપરાંત આ કંપની દ્વારા બાબરકોટ ગામથી જાફરાબાદ તરફ જતા વર્ષો જૂના રસ્તા પર બિનકાયદેસર વેબ્રિજ બનાવી જાહેર રસ્તા ઉપર દબાણ કરવામાં આવ્યું છે. જેના કારણે બાબરકોટ ગામના લોકો માચ્છીમારીનો વ્યવસાય કરવા જવામાં પણ ખૂબ મુશ્કેલી થઈ રહી છે. તેવું સરપંચ પ્રતિનિધિ અનકભાઈ છનાભાઈ સાંખટ દ્વારા જણાવ્યું છે.

અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ ગુજરાત સિમેન્ટ વકર્સ કોવાયા દ્વારા બાબરકોટ ગામે આવેલ સર્વે નંબર ૨૦૮, ૨૦૯, ૨૧૦, ૨૭૦, ૨૮૦ વગેરે સર્વે નંબર ઉપર બિનકાયદેસર માઈનિંગની મંજૂરી લીધા વગર માઈનિંગ કરી રહી છે. જેના કારણે ગૌચર સર્વે નંબર ૨૭૮, ૧૯૮ પૈકી ૧ અને ૨૧૪ પૈકી ૧માં ખૂબ મોટું નુકસાન કરવામાં આવ્યું છે. જેના કારણે ગામના પશુઓને ચરવા જવામાં માટે ખૂબ મોટી સમસ્યા ઉભી થઈ છે તેમજ બાબરકોટ ગામથી વરાહસ્વરૂપ, ભાકોદર ગામ જતા રસ્તાઓનું ખનન કરવામાં આવ્યું છે.


ઉપરોકત બાબતોને ધ્યાને લઈને બાબરકોટ ગામે આવેલ અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ નર્મદા સિમેન્ટ વકર્સ કંપની અને અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ યુનિટ ગુજરાત સિમેન્ટ વકર્સ કોવાયા આ બંને કંપનીઓ દ્વારા બિનકાયદેસર માઈનિંગ તથા ગુજરાત જમીન પચાવી પાડવા પર પ્રતિબંધ અધિનિયમ ૨૦૨૦ અંતર્ગત આ બંને કંપનીઓ સામે લેન્ડ ગ્રેબિંગનો કેસ દાખલ કરવા બાબરકોટ સરપંચ દ્વારા કલેકટર અમરેલીને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

જયારે નાના લોકો એટલે કે ગરીબ લોકો એક તગારૂ પણ રેતી કે માટી લે તો અધિકારીઓ અને તંત્ર અનેક જાતના દંડ અને ધોકો પછાડે છે. ત્યારે આવડી મોટી કંપની દ્વારા બેફામ પ્રદૂષણ અને બેફામ ગેરકાયદેસર ખનન થતું હોય છતાં તંત્રના પેટનું પાણી હલતું નથી. ત્યારે લોકો અવાજ ઉઠાવતા થયા છે તો આ કંપની સામે પગલા ભરવામાં આવશે કે પછી આગળની જેમ લોકોને હવા પ્રદુષણ, પાણી પ્રદૂષણ અને જમીન પ્રદૂષણ તેમજ જમીન હડપ કરવાની પ્રક્રિયા સામે નક્કર કાર્યવાહી કરવાની માંગ ઉઠેલ છે.






































# હમ કાલે હૈ તો .ક્યાં હુવા .દિલ વાલે હૈ ..હમ તેરે તેરે તેરે ચાહને વાલે હૈ ગુમનામ હૈ ..કોઈ.. બદનામ હૈ.. કોઈ ..કિસ કો ખબર કોન હૈ વો .. ઇસ દુનિયા મે જીના હો તો સુન લો મેરી બાત ..ગમ છોડ કે મનાઓ રંગ









**પ્રકરણ .. ૨૬૦, – ૧૯૬૫**

**પ્રિય વાચક મિત્રો,**

અમરેલી એક્સપ્રેસ દૈનિક ૧૨–૧૨–૨૫ના રોજ સત્તરમાં વર્ષમાં પ્રવેશયુ છે, અમરેલીની જનતાના સાચા સાથી, જે સરકારી જાહેર ખબર લીધા વગર આજ સુધીની સફળ અને કઠિન યાત્રા તેમણે પસાર કરી છે, તે માત્રને માત્ર જનતાનો વિસ છે. તેવા અમરેલી એક્સપ્રેસના તંત્રીશ્રી મનોજભાઈને હાર્દિક શુભ કામનાઓ અને સમગ્ર અમરેલી એક્સપ્રેસ ટિમને હાર્દિક શુભકામનાઓ.

હિન્દી સિનેમામાં હોરર ક્રાઈમ કહાની પરથી ફિલ્મો સફળ થવા લાગી છે. મહલ એ સાયકોલોજિકલ ક્રાઈમ સસ્પેન્સ, હોરર પહેલી ફિલ્મ હતી. ત્યારબાદ બીસ સાલ બાદ એ બદલાની ભાવના પર આધારિત હોરર સસ્પેન્સ ફિલ્મ હતી. હત્યાનો દોર તેમાં પણ હતો, વો કેન થી ? એ એક વ્યકિતને પાગલ બનાવવા માટેની સાયકોલોજિકલ હોરર ફિલ્મ હતી. આ ફિલ્મ સાથે કોહરા પણ સફળ રહી હતી. આ ફિલ્મો બ્લેકએન્ડ વ્હાઈટ હતી, તમામ ફિલ્મમાં એક સોંગ જે દર્શકોને જકડી રાખતું હતું. ૧૯૬૫ની ગુમનામએ હિન્દી સિનેમામાં નવી કહાની લઈ આવ્યું. આ ફિલ્મમાં હત્યાનો દોર છે, ફિલ્મમાં આઠ હત્યા થાય છે. અને ખૂનીને ફિલ્મના અંત સુધી દર્શકો શોધી શકતા નથી. આવી જબરજસ્ત સસ્પેન્સ અને હોરર ફિલ્મ એટ્લે ગુમનામ. મનોજ કુમાર માટે ૧૯૬૫ સફળ સાબિત થયું, બે સુપર હિટ ફિલ્મ અને એક હિટ ફિલ્મ સાથે તેઓ સફળ કલાકાર રહ્યા.

ગુમનામ ફિલ્મ એ હેલેન માટે પણ સફળ રહી, આ ફિલ્મ બાદ હેલેન એટ્લે માત્રને માત્ર ડાન્સ માટે નહીં, પણ ફિલ્મમાં તેનું વેંપના કિરદારનું પાત્ર મળવા લાગ્યું, મનમોહન અને ગાયિકા શારદાને અહી સારૂં પ્લેટફોર્મ મળ્યું. લક્ષ્મી છાયા જે ગુજરાતના જુનાગઢના રેહવાશી છે, તેમને અહી એક ગીતમાં ડાન્સ દ્વારા પ્રચલિત થવાનો ચાન્સ મળ્યો. મનમોહન – મનમોહનનો જન્મ ૧૯૩૩માં જમશેદપૂરમાં થયો હતો, તે એક ધનિક કુટુંબમાંથી આવતા હતા, તેમને હિન્દી સિનેમા પ્રત્યે બચપણથી લગાવ હતો, અને તેઓ ૧૯૬૦માં મુંબઈમાં જી પી સીપપી અને શંકર જય કિશનને મળ્યા, ૧૯૬૫ની શહીદ તેમની પહેલી ફિલ્મ હતી. મનમોહન ત્યારબાદ ઘણી ફિલ્મોમાં ખલનાયક રૂપે આવ્યા અને સફળ થયા, ૧૯૭૯માં તેઓ એક શૂટિંગ દરમ્યાન જંગલમાં હતા ત્યારે ત્યાં લાઈટના હોવાથી પેટ્રોમેક્સ બાજુમાં રાખી આરામ કરતાં હતા, તેમાં પેટ્રોમેક્સ ફાટયો અને આગ લાગી, મનમોહન ગંભીર રૂપે ઘાયલ થયા અને અમર થયા. મનમોહને તેમની કારકિર્દી મનોજકુમાર સાથે શરૂ કરી, અને તેમના જીવન નો અંત પણ મનોજ કુમાર સાથેની ફિલ્મના શૂટિંગ દરમ્યાન જ થયો. મનમોહનના પુત્ર નિતિન મનમોહનએ હિન્દી સિનેમાના જાણીતા નિર્માતા છે.

લક્ષ્મી છાયા – લક્ષ્મી છાયા મૂળ જુનાગઢના વતની હતા, પણ તેમનો પરિવાર મુંબઈ સ્થાયી થયો હતો, લક્ષ્મીનો જન્મ ૭–૧–૪૮ના રોજ મુંબઈમાં થયો, તેઓને હિન્દી સિનેમા પ્રત્યે લગાવ હતો, અને ૧૯૫૮માં માત્ર દસ વર્ષની વયે તેઓ બાળ કલાકાર રૂપે તલાક ફિલ્મમાં આવ્યા, અને ૧૯૬૫ની ફિલ્મ ગુમનામમાં તેઓ એક ડાન્સરના રૂપે દેખાયા હતા. લક્ષ્મી છાયાને મેરા ગાવ મેરા દેશથી યાદ કરાય છે, ૯/૫/૨૦૦૪ના રોજ તેઓ અમર થયા. શારદા – શારદા લાયંગરનો જન્મ ૨૫–૧૦–૧૯૩૩ના રોજ મદ્રાસમાં થયો હતો. તેઓને બચપણથી સંગીત પ્રત્યે લગાવ હતો. તેઓ એ બી એની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. તેઓ સાઉથની ફિલ્મોમાં ગાયિકા રૂપે કાર્યરત હતા, પણ હિન્દી સિનેમામાં ૧૯૬૫માં ગુમનામમાં તેઓએ રફી સાહેબ સાથે ગીત આપ્યું અને ધીમે ધીમે તેઓ સફળ થતાં ગયા, પણ તે સમય લતાજી અને આશાજીનો હતો, શારદાજીનો અવાઝ થોડો તીખો હતો, જેથી તેઓ વધુ પ્રચલિત થયા નહીં. પણ તેમના ગાયેલ ગીતો લોકપ્રિય રહ્યા. ૧૪–૬–૨૦૨૩ના રોજ તેઓ અમર થયા. વાત કરીયે ગુમનામ ફિલ્મના નિર્દેશક રાજા નવાથેની. તેઓએ આહ ફિલ્મથી હિન્દી સિનેમામાં આગમન કર્યુ હતું, પણ સફળતા હજુ સુધી મળીના હતી. ગુમનામ ફિલ્મમાં મનોજ કુમારે પણ નિર્દેશક રૂપે તેમની સાથે કામ કર્યુ હતું. મનોજ કુમાર ફિલ્મમાં મેહમુદના પાત્રને ઓછું મહત્વ આપવા માંગતા હતા, કારણ કે તે સમય મેહમુદની લોકપ્રિયતા વધુ હતી, મેહમુદ આ ફિલ્મમાં નંદા અને મનોજ કરતાં પણ વધુ રકમ કામ કરવાની લીધી હતી, કારણ તેઓ સફળતાના પ્રતિક ગણાતા હતા. મનોજ કુમારે તેમનું પાત્રને મહત્વ ઓછું આપવા રાજા સાહેબને કહ્યું, પણ તેઓ સમંત થયા નહીં. મનોજ મેહમુદ પર ફિલ્મવાયેલ ગીત. હમ કાલે હૈ તો ક્યાં હુવા પણ તેના પર ફિલ્મવાય તેવું ઈચ્છતા હતા, પણ તેમની વાત રાજા સાહેબ માની ના હતી. ગુમનામએ અગાથા ક્રિસ્ટીનની બાલીવુડ ફિલ્મ ૧૯૩૯માં રજૂ થઈ હતી તે ફિલ્મ ધેન ધેર વેર નન પર આધારિત હતી . એન એન સીપપીના નિર્માણમાં ધ્રુવ ચેટરજીની કહાની, કે.એન. કાપડિયાની સિનેમા ઓટો ગ્રાફી, ડી એન પાલની એડિટિંગ શૈલેન્દ્ર અને હસરત જઈપૂરીના લખેલ ગીતો, શંકર જય કિશનના મધુર સંગીત સાથે લતાજી, આશાજી, ઉષાજી, રફી સાહેબ અને શારદાના સ્વરથી ગુંજતા ગીતો સાથે આ ફિલ્મમાં નંદા, મનોજ કુમાર, હેલેન, હીરા લાલ, મનમોહન, મદન પૂરી, તરૂણ બોઝ, ધુમાલ, મેહમુદ, લક્ષ્મી છાયા, હરમન બેંજામિન, અને પ્રાણ દ્વારા અભિનય અપાયો હતો.

સૌ પ્રથમ આ ફિલ્મના ગીત વિષે વાત કરીયે, ફિલ્મની શરૂઆતમાં જ ફિલ્મના કોરીઓ ગ્રાફર હરમીન બેંજામિન અને લક્ષ્મી છાયા પર ગીત આવે છે, જાન પહેચાન હો ..જીના આસાન હો .. આ ગીતમાં શંકર જયકિશને તેમના સંગીતની અલગ રજૂઆત કરી છે, ગીતનું સંગીત પશ્ચિમના રેપ સોંગ પર આધારિત છે, લક્ષ્મીછાયા આજ સુધી બાળ કલાકાર રૂપે હિન્દી સિનેમામાં દેખાયા હતા, અહી તેઓ માત્ર ૧૭ વર્ષની વયે એક ડાન્સરના પાત્રમાં જોવા મળે છે, અને દર્શકો અને વિવેચકોનું ધ્યાન ખેંચી જાય છે, આ ગીતની ધૂન ૨૦૦૧માં હોલીવુડ ફિલ્મમાં લેવામાં આવી છે. લતાજી એ રહસ્ય મય ગીતમાં એક અલગ અંદાઝ આપેલ છે, તો આજ સુધીના રહસ્ય ગીતોમાં જે ભય હતો તેના કરતાં અહી સંગીત દ્વારા ભયનો માહોલ ઊભો કરવામાં આવ્યો છે, રફી સાહેબે મેહમુદ પર ફિલ્મવાયેલ ગીત ઓલ ટાઈમ હિટ ગીત આપ્યું છે, આજના વોઈસ ઓફ રફી કહવાતાં ઘણા ગાયકો આ ગીત રજૂ કરવામાં સફળ થતાં નથી, ખ્યાલો મે, હમ કાલે હૈ તો ક્યાં હુવા દિલ વાલે હૈ ..માં મેહમુદની હૈદરાબાદી ભાષા અને રફી સાહેબની અદ્દ્ભુત ગાયિકી સાથે હેલેનનો ડાન્સ આ ગીતને યાદગાર બનાવે છે, રફી સાહેબ સાથે શારદાના સ્વરમાં જાને ચમન શોલા બદન પહલું મે આ જાઓ ગીત પણ યાદગાર છે, અભિનેત્રીને વરસાદમાં ભીંજવતી પ્રથા ૧૯૬૫ બાદ વધુ પ્રચલિત થશે, તો લતાજીના સ્વર માં ગમ છોડ કે મનાઓ રંગ રેલી ઔર માન લો જો કહે કીટી કેલી ..લતાજી એ અહી હેલેન ને સ્વર આપ્યો છે, જે માત્રને માત્ર જાણીતી અભિનેત્રીઓને જ સ્વર આપે છે. આ ઉપરાંત એક લડકી હે. જિસને જીના મુશ્કિલ કાર દિયા પણ લોકપ્રિય ગીત છે. ૧૯૬૫માં મનોજ કુમાર અને પ્રાણ બે ફિલ્મમાં સાથે આવ્યા, શહીદ અને ગુમનામ, બન્ને વચ્ચે દોસ્તી થઈ ગઈ, આગામી સમયમાં મનોજ કુમાર પોતાના હોમ પ્રોડક્શનમાં ફિલ્મ બનાવશે તેમાં પ્રાણ સાહેબ સાથે જ હશે, પણ શોર ફિલ્મમાં પ્રાણ સાહેબે અભિનય કરવાની ના કહી અને તે રોલ પ્રેમનાથને ફાળે ગયો, ત્યારબાદ મનોજ કુમારે તેમના પ્રોડક્શનમાં પ્રાણ સાહેબને સાથે રાખ્યા ના હતા. હેલેનને આ ફિલ્મ બાદ આગામી વર્ષોમાં ગ્લેમર ગર્લ રૂપે ફિલ્મોમાં કામ મળવા લાગશે, આ ફિલ્મનો તેનો અભિનય પ્રસંશા લાયક રહ્યો અને ફિલ્મ ફેરમાં નોમિનેટ પણ થયા. આ ફિલ્મ આગામી સમયમાં હિન્દી સિનેમાની સસ્પેન્સ અને થ્રીલર ફિલ્મો માટે પાયા રૂપ સાબિત થઈ. આ ફિલ્મમાં દર્શાવેલ એક પછી એક મર્ડર આગામી ફિલ્મોમાં પણ પુનરાવર્તિત થશે. આ ફિલ્મનું શૂટિંગ ગોવાના દરિયા કાઠે થયું હતું, આ ફિલ્મની કહાની વિષે આગામી અંકમાં વાત કરીશું. ગુમનામ ફિલ્મએ ૧૯૬૫ની આઠમા નંબરની સુપર હિટ ફિલ્મ સાબિત થઈ. આ ફિલ્મનું બજેટ ૬૦ લાખ અને નગો ૧.૩૦ કરોડનો થયો હતો. આભાર

# * અસ્વસ્થ જીવનશૈલી ( Life Style Deases ) ભાગ–૭ *




દિનચર્યા અંતર્ગત શરીરના દરેક અંગ (દાંત, જીભ, મુખ, ગળુ, આંખ, નાક, કાન, વાળ તથા સંપુર્ણ શરીર અને મન)ની કાળજી રાખવાનું વર્ષો પહેલા આયુર્વેદમાં સુચવેલ છે અમે જયારે ભણતા ત્યારે આ નાની – નાની બાબત ઉપર બહુ લક્ષ આપેલ નહી, પણ આજે કોરોના મહામારીના સમયમાં આ વાત બરાબર સમજાણી છે કે આયુર્વેદમાં કહેલ દરેક વાત કેટલી વૈજ્ઞાનિક અને સ્વસ્થ રહેવા માટે જરૂરી છે, આવનારો યુગએ વાયરસનો યુગ રહેવાનો છે, કોરોના જશે તો બીજો વાયરસ આવશે અને આપણને બીમાર પાડશ. કોરોના (વાયરસ) માં આપણે હવે જાણીએ છીએ તેમ નાક અને મુખ થી જ પ્રવેશે છે જો આ જગ્યાને સ્વચ્છ – સ્વસ્થ અને મજબુત બનાવવામાં આવે તો આપણે આ વાયરસ સામે જીતી શકીએ તેમ છીએ મુખ અને ગળાની સફાઈ માટે આયુર્વેદમાં ખુબજ અગત્યની વિધી બતાવી છે જેની આજે આપણે ચર્ચા કરીશું.

આજના લેખમાં દિનચર્યા અંતર્ગત ઉલ ઉતારવાની – અને કોગળા કરવાની વિધીની ચર્ચા અને ડાયાબીટીસ વિષેની થોડી ગેરમાન્યતાની ચર્ચા કરીશું.

ઉલિયું ( જિહ્વાનિર્લેખન ) :–

જિહ્વામુલગતં યચ્ચ મલમુચ્છ્સ્વાસરોધિ ચ।
સૌગન્ધ્યં ભજતે તેન તસ્માજિવ્હાં વિનિર્લિખેત ॥ (ચરક, સુ.સ્થા. અ.૫,૬૮)

જીભના મુળ સુધીનો બધોયે મેલ બરાબર સાફ નહીં કરવામાં આવે તો તે શ્વાસોશ્વાસનો રોધ કરશે. માટે ઉલિયાથી બરાબર ઉલ સાફ કરી લેવી એથી મોં સુગંધી થશે.

આપણે ત્યા એક પ્રચલીત કહેવત છે કે નરણા હરડે ખાય, વાળ ‌ુંમાં દુધ લે અને ઓકી ને ઉળ ઉતારે તેને ત્યા વૈધ ન જાય (બીમારી ન આવે), ઓકીને ઉળ ઉતારવાનો અર્થ એ છે કે જીભના મુળ સુધી જીભ સાફ થાય ત્યા સુધી ઉળીયા દ્વારા જીભને સાફ કરવી, આમ કરવાથી ઓક એવો અવાજ થાય છે અને કયારેક રાત્રીનો અપાચીત ખોરાક ઉલ્ટી વાટે નીકળી જાય છે, પણ આજના આધુનીક જમાનામાં એવા (ઓક) અવાજ સાથે ઉળ ઉતારવાને ગેરશીસ્ત (EED MANNERS) સમજવામાં આવે છે, પરીણામે નવી પેઢી ને આ રીતે ઉળ ઉતારવી નથી ગમતી, જેથી જીભ બરાબર સાફ ન થવાથી મોંમાથી દુર્ગંધ આવે છે, જેને દુર કરવા પાછા માઉથફ્રેશનર વાપરીએ છીએ. જો ઓકીને ઉળ ઉતારવામાં આવે તો જીભ બરાબર સાફ થઈ જાય છે, સાથે રાતનો અપાચીત ખોરાક ઉલ્ટી વાટે નીકળી જવાથી પીત જન્ય વ્યાધીઓ થતા નથી.

કવલ અને ગંડુષ; સંસ્કૃતમાં કોગળા માટે બે શબ્દ છે. (૧)કવલ અને (૨) ગંડુષ. કવલ એટલે સ્નેહ મુખમાં હલાવી શકાય એવું ભરવુ. સામાન્ય રીતે પાણીના કોગળા આવા જ ભરાયછે. ગંડુષ એટલે જરા પણ જગા મોંમા ન રહે એવો મોટો તેલનો કોગળો. કવલ સંચારી(હલાવી શકય એવો), જયારે ગંડુષ અસંચારી (હલાવી ન શકાય એવો).

સામાન્ય રીતે કોઈ પણ વસ્તુ ખાધા પછી આપણે મોઢાને ચોખ્ખું કરવા કોગળો કરવો જ જોઈએ. પણ સવારે અને રાત્રે સુતા પહેલા ૧ – ગ્લાસ ગરમ પાણી કરી તેમાં એક ચમચી મીંઠુ નાખી છેક ગળા સુધીનો ભાગ સાફ થાય તે રીતે ખળ– ખળ અવાજ આવે તે રીતે કોગળા કરવા જોઈએ.




**ગંડુષ**

**હન્વો** : બલં સ્વરબલં વદનોપચય : પર : ॥ સ્યાત્પરં ચ રસજ્ઞાનમન્ને ચ રૂચિરૂતમાય ન ચાસ્ય કષ્ટશોષ : સ્યાન્નોષ્ઠયો : સ્ફુટનાભ્દયમ ॥ ન ચ દન્તા : ક્ષયં યાંતિ દ્રઢમુલા ભવંતિ ચ ॥ નશુલ્યતંતે ન ચામ્લેન કુષ્યંતે ભક્ષયંતિ ચ ॥ ખરાનપિ પ્રાન ભક્ષ્યાન તૈલગન્ડુઅષેવનાત ॥

(ચરકસંહિતા, સુ.સ્થા.અ.૫,૭૨–૭૪)

તેલના કોગળા મોંમા ભરવાથી જડબા મજબુત બને છે, સ્વરનું બળ વધે છે, મોં ભરાવદાર થાય છે, રસનું જ્ઞાન ઉતમ થાય છે, અન્ન ઉપર પરમ રૂચિ ઉત્પન્ન થાય છે. તેલના કોગળા ભરનાર માણસનો કંઠ કદીયે શોષાતો નથી, તેના હોઠ કદીતે ફાટતા નથી, તેના દાંત મોટી ઉમર સુધી પડતા નથી અને દાંતનાં મુળ બહુ દ્રઢ થાય છે. તેને દાંતમાં કદીયે ચસકા મારતા નથી, તે ગમે તેવું ખાટું ખાઈ શકે છે અને ગમે તેવો કઠિન ખોરાક તે ખાઈ શકે છે.

બ્રશ – દાંતણ કરી લીધા પછી આ પ્રમાણે તેલનો કોગળો પંદરવીસ મિનિટ સુધી રાખી મુકવો. હંમેશા આ પ્રમાણે તૈલગંડુષસેવનથી દાંત બહુ જ સરસ રહે છે, દાંતના મુળિયાંને સ્નેહન મળે છે અને મશીનમાં જેમ તેલ મુકવાથી મશીન સરસ કામ આપે છે તેમ આપણે જો દાંતને પણ નિયમીત તેલ આપ્યા કરીએ તો દાંત તથા મોઢાના રોગો નહી થાય.

ગંડુષ વિશે લખવાનો વિચાર મને ઓઈલ પુલીંગ (OIL PULLING) શબ્દ પરથી આવ્યો, મારી પાસે અમરેલી માં એક ખુબજ સારૂ બ્યુટી પાર્લર ચલાવતા બેન દવા લેવા આવ્યા, મને કહે સાહેબ તમે હોસ્પીટલમાં ઓઈલ પુલીંગ કરાવો છો, એટલે પહેલાં તો મને આ ઓઈલ પુલીંગથી આપણે બારી – દરવાજા, રીવોલ્વીંગ ચેર વિગેરે યાંત્રીક સાધનમાં આપણે ઓઈલીંગ કરીએ છીએ એવું સમજાણું, પછી બેને ફોડ પાડયો કે સાહેબ હું મોઢામાં તેલ ભરી રાખીને જે કોગળા કરવાના હોય છે તેનું પુછુ છુ, ત્યારબાદ મે નેટ ઉપર ઓઈલ પુલીંગ ઉપર સર્ચ કર્યુ, તો આવો સંદર્ભ જોવા મળ્યો, Oil Pulling is an ancient practice that invol ves swshing oil in your nouth to renove bacteria and pronoteoral hygiene, it is ofteren associated with ayurveda the traditional nedicine system fromindia,it is often associated with ayurveda the traditional nedicine system from india મને આશ્ચર્ય ત્યારે થયુ કે મે જાણીયુ કે અમેરીકા – યુરોપમાં અત્યારે ગંડુષ (oil pulling) ઘરે – ઘરે ખુબજ પ્રચલીત છે, ત્યા તેઓ નિયમીત ગંડુષનો પ્રયોગ કરે છે.

**પધ્ધતિ :–** માથું, ડોક અને ખભા ઉપર થોડોક તડકો મળે તેવી જગ્યાએ ઉભા રહેવું અને થોડો સમય તડકાનો શેક લેવો. ત્યારબાદ મુખમાં તલ તેલ એટલું ભરવું કે તેને હલાવી ન શકાય. તે પછી આકાશ તરફ મોં રાખી મુખને વધુ માં વધુ પહોળું કરીને નાક અને આંખમાંથી પાણી નિકળે ત્યા સુધી ઉભા રહેવું. આ સમય અંદાજીત ૫ થી ૭ મિનિટનો રાખવો અને ૭ મિનિટે તેલ બહાર કાઢવુ. આપણે ત્યા માવા – તંમાકુની આદતને લીધે મોઢું પુરેપરૂ ખુલતુ નથી (CSMF-Oral Subucos fobosis) આ તકલીફ જેને હોય તેને કરંજ કે લીમડાનું દાંતણ ચાવી, તલના તેલનું નિયમીત ગંડુષ કરવાથી ખુબજ સારા પરીણામ મળે છે, વર્ષો થી જેનું મોઢું એક આંગળ થી વધુ ખુલતુ નથી તેવા દર્દીમાં ગંડુષના અદભુત ફાયદા અમે જોયા છે. આ ઉપરાંત જેને વારંવાર મોઢુ આવી જતુ હોય (મુખમાં ચાંદા પડવા), મોઢામાં સતત દાહ થતો હોય, ગાલ બેસી ગયા હોય, ખાટુ કે ઠંડુ ખાવાથી દાંત અંબાઈ જતા હોય આવા દાંત તથા મોઢાના રોગોમાં ગંડુષ નિયમિત કરવાથી ખુબજ ફાયદો થાય છે.

**ડાયાબિટીસ અને ગેરમાન્યતાઓ :–** ઘણાબધા લેભાગુ ડીગ્રી વગરના દાકતરો અને વૈધો ડાયાબિટીસને ઝડમુળથી મટાડી દેવાનો દાવો કરતા હોય છે, ડાયાબિટીસને આયુર્વેદમાં યાપ્ય રોગની શ્રેણીમાં લીધો છે. યાપ્ય એટલે એવો રોગ જેમાં એ રોગ મુજબની પરેજી રાખીએ અને નિયમિત દવા લઈએ ત્યાં સુધી તે કંટ્રોલમાં રહે, પરેજી અને દવા બંધ થાય એટલે પાછો વધી જાય. એનો અર્થએ થયો કે ડાયાબિટીસ થયા પછી સાવ મટી ન જાય પણ કંટ્રોલમાં રહે. આજકાલ સોશિયલ મીડિયામાં જાત – જાતનાં ડાયાબિટીસને ઝડમુળથી મટાડવાનાં ગેરવ્યાજબી નુસ્ખા આવતા હોય છે, જને સાંભળીને આપણે ત્યાં અનુકરણ કરનારો એક બહુ મોટો વર્ગ છે આવા નુસ્ખાઓ અપનાવી પદ્ધતિસરની દવા ડાયાબિટીસના દર્દી નથી લેતા પરિણામે ખુબ મોટી નુકશાની તેમને ભોગવવી પડતી હોય છે.

આજથી લગભગ ૧૬ વર્ષ પહેલા હું ગાયત્રી મંદિરે આયુર્વેદ હોસ્પિટલ ચલાવતો ત્યારે મારા, બનેવીનાં જેતપુર ગામના એક વેપારી મિત્ર મારી પાસે આવ્યા મેં તેમના રીપોર્ટ જોયા તેમનું ડાયાબીટીસ કાયમ ૩૦૦ ઉપર જ આવતું હતું, એટલે ડોકટરે તેમને સલાહ આપેલી કે હવે તમારે ઈન્સ્યુલિનનાં ઈન્જેકશન લેવાની જરૂર છે, મેં પણ તેમને તપાસી કહ્યું કે તમારા રીપોર્ટજોતા એવું લાગે છે કે તમારા શરીરમાં ઈન્સ્યુલિન બનવાનું બંધ થઈ ગયુ છે (ટાઈપ – ૧, ડાયાબિટીસ ) એટલે તમારે ઈન્સ્યુલિન ડોકટરની સલાહ મુજબ લેવા જોઈએ, મને કે સાહેબ મારે એવા ઈન્જેકશન રોજ નથી લેવા એની ટેવ પડી જાય મારે કોઈ દવાય નથી (એલોપેથી કે આયુર્વેદ) લેવી, હું તો તમારી પાસે એક કાચું ખાવાનો પ્રયોગ છે એની જાણકારી માટે આવ્યો છુ આવું કાચું ખાવાથી ડાયાબિટીસ કાયમ મટી જાય એવું મેં સાંભળ્યું છે, મેં સલાહ આપી કાચું ખાવ એનો વાંધો નથી પણ તમારે બેલેન્સ ડાયેટ અને નિયમિત દવાની જરૂર છે, એણે મારી વાતને બહુ ગંભીરતાથી ન લીધી , તેના થોડાક સમય પછી મેં મારા બનેવી પૂછયું કે તમારા પેલા જેતપુર વાળા મિત્રને કેમ છે, મને કે એને તો સારૂં છે, કાઈ દવાય નથી લેતા ખાલી કાચુંને એવું ખાઈ છે, મેં કીધું સારૂં છે તે કેવી રીતે નક્કી કર્યુ? કોઈ ડોકટરને બતાવ્યું, રીપોર્ટ કરાવ્યા, તો કહે ના કોઈનેય બતાવતા નથી, ઈ કહે છે મને સારૂં છે. આજથી લગભગ ૪ વર્ષ પહેલા મારા બનેવી અને તેના જેતપુર વાળા મિત્ર ખરીદી માટે અમદાવાદ બજાર માં સાથે હતા અને અચાનક તે મિત્ર પડી ગયા અને ઓન ધ સ્પોટ મારા બનેવી ને સામે ત્યાં જ ગુજરી ગયા.

# *તુલસીદાસજીએ રામચરીત માનસમાં એક જ ચૌપાઈ બે વખત લખી છે*


## ‘‘સિર ધરી આયસુ કરીએ તુમ્હારા, પરમ ધરમ યહ નાથ હમારા ॥’’




આ ચૌપાઈ રામ ચરીત માનસમાં બાબાજીએ બે વખત લખી છે. આ ચોપાઈ જ એક છે. જે બે પ્રસંગમાં લખેલ છે બાકી પુરી રામાયણમાં આવી ચૌપાઈ બે વખત લખેલી જોવા મળશે નહીં. કયાંક કયાંક અડધી ચૌપાઈ બે વખત લખેલી ચૌપાઈ વાચવા મળે છે. દા.ત. “મંગલ ભવન અમંગલ હારી ધ્વઉ સો દશરથ અજીર બિહારી” “એના જેવી બીજી મંગલ ભવન અમંગલ હારી ઉમા સહિત જેહિ જયત પુરારી” પરંતુ ઉપર મુજબ લખેલી પુરી ચૌપાઈ જેવી બે વખત લખેલી ચૌપાઈ વાંચવામાં આવતી નથી. જે બે પ્રસંગમાં વર્ણવેલ છે. પહેલો પ્રસંગ જયારે દક્ષપુત્રી સતીયજ્ઞમાં બળી જાય છે. એ પછી હિમાલયને ત્યાં બીજો જન્મ લઈ બાળ અવસ્થામાં શિવની પ્રાપ્તિ માટે ખુબ જ તપ કરે છે. બધા પ્રસન્ન થાય છે. તો બીજી બાજુ ભગવાન શિવ સમાધીમાં હોય છે. એ વખતે ભગવાન રામજી તેમને દર્શન આપે છે અને ભગવાન રામજી શિવ પાસે એક વરદાન માંગે છે અને કહે છે કે આપ પાર્વતીનું પાણી ગ્રહણ કરી એની સાથે વિવાહ કરો ત્યારે ભગવાન શીવ પહેલાનો ઈન્કાર કરે છે પછી ભગવાન રામજીને કહે છે કે પ્રભુ તમારી આજ્ઞા છે. અને તમારી આજ્ઞાનું પાલન કરવું એ અમારો ધર્મ છે. । ત્યારે આ ચૌપાઈ બાબાજીએ લખી છે કે । “સિર ધરી આયસુ કરીએ. તુમ્હારા પરમ ધરમ યહ નાથ હમારા” અને બીજો પ્રસંગ પ્રયાગનો છે. એમા ભરતજી અયોધ્યાથી સેના પરિવાર અને પ્રજાને સાથે લઈ ભગવાન રામજીને મનાવવા જાય છે એ વખતે પ્રયાગમાં ભરધ્વાજજીના આશ્રમે ભરતજી જાય છે. બન્ને વચ્ચે વાર્તાલાપ થાય છે ભરતજી પોતાના અવગુણો કહે છે. કુટીલ માતાની કરણી કહે છે એ વખતે ઋષિ તેમને સાંત્વના આપે છે. અને બધા સારાવાના થઈ જશે ભરતજીને આવુ આશ્વાસન આપે છે પછી ફળ ફુલ આરોગવાનુ કહે છે. સૌ માટે રહેઠાણ અને ફળ, ફુલ લાવવાનું કહે છે. વનવાસીઓ જંગલમાં જઈ ફળો લાવે છે. રીધી–સીધીને ઋષી આજ્ઞા કરે છે. અને ભરતજીને રોકાવા આગ્રહ કરે છે ત્યારે ભરતજી આ ચૌપાઈ બોલે છે. ‘ ‘સિર ધરી આયસુ કરીય તુમ્હારા, પરમ ધરમ યહ નાથ હમારા.’’ અને ભરતજી આશ્રમે નિવાસ કરે છે આમ રામાયણમાં આ એક જ ચૌપાઈ છે જે બે વખત લખવામાં આવી છે તુલસીનું કહેવુ એવુ હોય કે ભગવાન, સાધુ, સંત કે ગ્રંથોની યાજ્ઞાની અવગણના કયારેય કરવી નહીં. રામજી એ રામાયણમાં ઘણી આજ્ઞાઓ આપેલ છે જેનુ આચરણ અને પાલન કરવાથી ચૌકક્સ કલ્યાણ થાય.

# ।। રામ કરહું સબ સયમ આજુ, જો વિધિ કુશલ નિબાહે કાજુ ।।





પ.પૂ. રણછોડદાસજી મહારાજ (પૂ.ગુરૂદેવ)

સંપાદક : મહેન્દ્ર સી.જોષી
મો.૯૪૨૬૪ ૫૭૩૫૨ (નિવૃત કેળવણી નિરીક્ષક)
સૌજન્યઃ પ.પૂ.કુ.રમાબેન પુરૂષોત્તમભાઈ હરિયાણી
(અહૈતુક કૃપા–પુસ્તકમાંથી)



તે ડબ્બામાં બધા આગ્રા કોલેજના યુવાન ભાઈઓ જ હતા. એક પોલિસ તેમ જ વિદ્યાર્થીઓને પ્રોફેસર પણ સાથે હતા. અમને બંને બહેનોને એકલા જોઈ ગમે તેવા સીનેમાના ગીતો ગાવાનું તેમજ જેમ તેમ બોલવાનું ચાલુ કર્યુ. મારાથી આ સહન ન થતાં ફરી સાંકળ ખેંચવા વિચારતા પેલા બહેને મને રોકી. તેટલામાં કોઈ કારણસર ગાડી ઊભી રહી. ગાર્ડનો ડબ્બો બાજુમાં હેવાથી જઈ વિગત જણાવી. ગાર્ડે તેઓને સમજાવ્યા. ખબર નહીં કઈ રીતે ભગવાનની કૃપાથી તે દિવસે હું બેલી શકી. ગાડી ચાલુ થતા બધા શાંતિથી બેસી ગયા.

આગ્રા છાવનીથી તરત જ ઝાંસી માટે ગાડી મળી. ત્યાંથી કર્વી, સીતાપુર થઈને જાનકીકુંડ પહોંચી.

ભગવાન પણ ત્યાં બિરાજતા હતા. પ્રણામ કરતાં બેલ્યા, ''અચ્છા આગ્રામેં ખટપટ હૈ ગઈ ક્યોં ? ફિર તો કોઈ તકલીફ નહીં હુઈ ના ?''

બસ આટલું જ બોલ્યા, પણ તેમાં બધુ જ આવી ગયું. આ રીતે સાથે રહી બધા વિઘ્નોમાંથી પસાર કરતા હતા.

દિવાળીને લગભગ ૨૦–૨૫ દિવસની વાર હતી. થોડા ભાઈ–બહેનો આવી ગયેલા નેત્રયજ્ઞ માટે અનાજ સાફ કરવાનું કામ ચાલતું હતું તેમાં મદદ કરતી. બે–ચાર દિવસ બાદ મેં ચિઠ્ઠી લખી. ભગવાન બહુત બાત કરના ચાહતી હું થોડા તો સમય નિકાલો. આપ તો ઐસે રહતે હૈ જેસે પહચાનતે ભી નહીં સામને દેખતે ભી નહીં હો.

દિલની વાત ક્યાં જઈ કહેવી, મનની મૂંઝવણ ક્યાં ઠાલવવી,
તમે છો અંતર્યામી ગુરૂદેવ, મારી સામું જુઓ....

આનો જવાબ લખીને આપ્યો, ''યહ તો ઉલ્ટા હી નિકલા મેં સમઝતા થા કિ તુમ મેરે પાસ આતી નહીં ઔર ઉપેક્ષાકા ભાવ હૈ આજે હે તુમ્હારી રૂમમેં જાનેકા થા પર તુમ તો ગેહૂં સાફ કર રહી થી ફિર ક્યા કરૂ ?

પૂછા દો બાર રમા કહાં હૈ જવાબ મિલા નહાને ગઈ હૈ ઔર ફિર પૂછા તો સો રહી હૈ.

અચ્છા મૈં કલ સમય અવશ્ય દૂંગા ઔર ૧૫ મિનિટ રોજ દુંગા.''

રામ જાહિ વન રાજ તજિ, હોય સકલ સુરકાજ।

ભગવાને બોલાવી સર્વેના કુશળ સમાચાર પૂછયા. મોટાબહેન જયપુર આવી ગયેલા. બધા ચોથ પર આવશે તેમ જણાવ્યું. ભેટના કપડાંની પેટી ભગવાનને સોંપી દીધી. અનુકૂળ તાએ જરૂર પડતાં વાતચીત માટે ક્યારેક બોલાવતા.

નેત્રયજ્ઞ પ્રમોદવનમાં થવાનો હતો. ભગવાન રોજ કેમ્પનું બાંધ–કામ જેવા પધારતા. ક્યારેક હું પણ સાથે જતી. એક દિવસ ગરમ ટેપી પહેરતાં એ કાઢીને મને આપી. અને પોતે કામ જોવા થોડે દૂર ગયેલા. મને ત્યાંથી એક સુંદર મોરપીંછ મળ્યું. તે હું ભગવાનની ટોપીમાં ગોઠવી રહી હતી. મારૂં ધ્યાન નહતું એટલામાં અચાનક પાસે આવી મારા હાથમાંથી ટોપી લઈ પહેરી લીધી. મોરપીંછ ટોપીમાં લગાડેલું જ હતું. ટોપી પહેરી બેલ્યા, ''મૌર મુકુટ બંસીવાલેકી જૈ'' આ રીતે મારા ભાવ પ્રમાણે આનંદ કરાવતા. શરદપૂર્ણિમાના દિવસે પણ કહેલું, '' આજ તો રાસકા દિન હૈ ના ? સબકો ઈકઠ્ઠા કરકે રાસ ખેલેંગે કયોં ?'' આમ શ્રીકૃષ્ણ સ્વરૂપના દર્શન કરાવ્યા કારણ મારે રામ તથા કૃષ્ણ જે કહે તે મારા ભગવાન જ છે.

દશેરાના દિવસે મેં કહ્યું, '' ભગવાન, મૈને ઐસા સુના હૈ કિ આજ કે દિન પ્રેમભાવસે શ્રી કામલગીરિમેં રાત્રિ દસ–ગ્યારહ બજે કે સમય પર પરિક્રમામેં રામજીકે દર્શન હોતે હૈ, તો મૈં પરિક્રમા કરને જાઉં ?'' મારી સાથે બે ત્રણ બહેનો આવવાના હતા. અમને હસીને કહ્યું, ''ઠીક હૈ જાવ દો વિદ્યાર્થી કો સાથ લે જાના.'' પરિક્રમામાં બિરાજતાં શ્રી હનુમાનજીના પૂજન માટે ચૂરમાના લાડુ બનાવી લઈ ગયેલા. મૌન રાખી પરિક્રમા ચાલુ કરી, વચ્ચે હનુમાનજીના મંદિરમાં રોકાઈ સુંદરકાંડ હનુમાન બાહુક, હનુમાન ચાલીસા, હનુમાનાષ્ટકને પાઠ કરી પૂજન આરતી કર્યા. તે દિવસે પરિક્રમામાં ગ્રામવાસીઓની ભીડ હતી કેટલાક ભાવપૂર્વક દંડવત પરિક્રમા કરતા હતા.

પરિક્રમા પૂરી થઈ પરંતુ કંઈ દર્શન મળ્યા નહીં. તેથી મૂર્ખતા સમજાઈ કે સાક્ષાત્ રામજી પાસેથી અહીં વળી કોના દર્શને આવ્યા ? પાછા ફરતાં એક સૂકી નદીના કિનારે ભજન ગાતાં બેઠા હતા. ત્યાં બે ત્રણ પપરેંદાના ભાઈએ આવી ચડ્યા અને કહ્યું, ''ચલો બહેનજી, મહારાજજી બૂલાતે હૈ.'' ત્યાંથી પહેલી ટેકરી ચડતાં જ સામે જાનકી કુંડ આશ્રમ દેખાતો હતો. ભગવાન સંસ્કૃત વિદ્યાલયની ઉપરની અગાસીમાં ભકત

રામહિં છાંડિ કુશલ કેહિ આજૂ, જાહિ નરેશ દેહિ યુવરાજુ।

સમૂહ સાથે બિરાજતા હતા. મોડું થવાથી પ્રણામ કરવા પાસે જવાની હિંમત નહોતી. છતાં પ્રણામ કરતા હસીને બોલ્યા, ''કયોં દર્શન હૈ ગયે ?'' ભગવાને પણ જાણે અમારી પરીક્ષા કરવા પરિક્રમામાં જવાની રજા આપેલી. મને મારી નાદાની સમજાઈ સાથેના બહેને હનુમાનજીનો પ્રસાદ ભગવાનને આપે.

(૫૦) જાસુકૃપા આજ શિવ સનકાદી

ભગવાનના દર્શનાર્થે આજુબાજુના ગામેથી અનેક ભકિત આવતા રહેતા. પપરંદા, ખષ્ટીયા, હસ્તમ, અત્તર, સરૈયા તેમ જ બાંદા જિલ્લામાં ભગવાનના અનેક શિષ્યો રહે છે. ભગવાને પ્રેમથી ગ્રામજનોને જમવાની તેમજ રહેવાની વ્યવસ્થા કરી આપી, તેમની પાસે બેસી તેમની ભાષામાં કુશળતા પૂછતાં. નેત્રયજ્ઞમાં ભારેથી ભારે કામ કરવા માટે ભગવાનના શબ્દ પર તેઓ ખંડે પગે તૈયાર રહેતા. તેઓ દર વર્ષે પોતાની ખેતી ઉપાર્જનમાંથી અમુક ભાગ જાનકીકુંડ પહોંચાડે છે. ભોળાં ભલે ભાવિક ભકતો વચ્ચે ભગવાન મુકત હાસ્ય સાથે આનંદ કરતાં અને કરાવતાં.

હવે તો ધીરે ધીરે બહારગામથી ઘણું ગુરૂભાઈ–બહેને આવવા લાગેલા. સાધુઓ માટે ભાવપૂર્વક ભંડારા થતાં અને ભગવાન રોજ જુદી જુદી વાનગીઓ પ્રેમથી બનાવરાવતા મોટા ભાગે સાધુ ભોજનમાં કાલી રોટી, સફેદ દાલ બનાવવા કહેતા. કાલી રોટી એટલે ગોળના માલપૂવા, સફેદ દાળ એટલે દૂધ પાક, ત્યાંના લોકો ખીર કહે અને સાધુ ભાષામાં ''તસ્મય'' કહે છે. સાધુઓ નમકને ''રામરસ,'' ભાતને ''રામ–પ્રસાદ,'' દહીંવડાને ''રામચક્રા'' આ રીતે કોઈપણ વાનગી સાથે ભગવાનનું નામ જોડે છે. તેઓ પરસ્પર બોલાવે તે ''સીતારામ સીતારામ'' કહીને બેલાવે.

મોટા ભાગે રામનવમીને ઉત્સવ દર વરસે ચિત્રકૂટમાં મનાવતા, ત્યારે તો સારા પ્રમાણમાં ગરમી હોવા છતાં ખુલ્લા પગે અચલાને કછોટો વાળ ી

રામતિલક જો સાંચેહું કાલી, માંગુ દેઉ મનભાવત આલી।

પોતાની કલાઈ પર માલપૂવાની થપ્પી લઈ ઝડપભેર પીરસતાં સાધુઓને પ્રેમભાવથી આગ્રહ કરી જમાડતા. કોઈ સાધુ પરિસ્થિતિ વશાત્ પાતળ નીચે માલપૂર્વા છૂપાવી લેતા તે પ્રેમથી કહેતાં, ''પહલે યે ખા જાવ. સાથમેં લે જાને કે લિયે ભી દૂંગા ઔર જિતના ચાહિયે ઉતના માંગ લેના.'' જયારે પંગત ઉઠવાને સમય થાય ત્યારે પાછા પીરસવા નીકળતાં અને કહેતાં, ''જો એક માલપૂવા ખાયેગા ઉસકે એક રૂપિયા દૂંગા.'' આટલા પ્રેમાગ્રહથી સાધુઓને સ્વહસ્તે જમાડતાં. ભોજન પતી ગયા પછી ખૂબ જ પ્રસન્ન ચિત્તે બોલી ઉઠતાં, ''ના જાને કયોં મુઝે ખાનેસે અધિક ખિલાનેમેં બહુત આનંદ આતા હૈ.'' આગળ હસતાં હસતાં બોલતા, ''અરે બાબા દેનેવાલા દેતા હૈ, ખાનેવાલા ખાતા હૈ, હમારે બાપકા કૂયા જાતા હૈ.'' વર્ષમાં રામનવમી, જન્મ જયંતિ અને ગુરૂપૂર્ણિમા આ ત્રણ ઉત્સવ પર સૂકો મેવો, મીઠાઈઓ તેમજ વસ્ત્રોના ઢગલા થતાં. પોતે જયારે જયાં હોય ત્યાં બને તેટલું જલ્દી બધું વહેંચી દેતા. ક્યારેક વધારાના વસ્ત્રો નેત્રયજ્ઞમાં અથવા નાના ગામડાઓમાં પહોંચાડી દેતા. સૂકા મેવાના ડબ્બા ભરાવી મોટરમાં રખાવતા. ક્યાંય પણ જતા રસ્તાના નાના ગામડાંઓમાં મેવો વહેંચતા અને ગરીબો જેમણે કદી મેવો જોયો પણ ન હોય તેઓને આ મળતાં તેમની પ્રસન્નતા જોઈ અતિ આનંદ અનુભવતા.

અનંતપુર નાનું ગામ છે. રેલ્વે લાઈનથી દૂર હેવાથી ત્યાંની ગરીબ પ્રજાને અમુક ચીજો જોવા પણ ન મળે. ભારતમાં એવા તે કેટલાય ગામડાંઓ છે પણ જાણે અનંતપુર ભગવાનનું ગામ ગણાતું.

હવે તો દિવાળી નજીક આવતી હેવાથી અન્નકૂટની તૈયારી થવા લાગી. સૌને અલગ અલગ કામ સોંપી દેતાં અને ભાવપૂર્વક અનેક વાનગીઓ બનાવરાવતા. પોતે બધાની પાસે રહી કામ કરાવતાં તેથી ખૂબ ઉત્સાહ રહેતો. મને બધી જાતના લાડુનું કામ સેંપેલું. મગના, ચોખાના, ચૂરમાના, મગજના તેમજ અડદીયા. મને ચેખાના લાડુ આવડતા નહીં તે પાસે રહી વિધિ બતાવી કરાવ્યા પણ ખરા. સંત રસોડે બુંદીના લાડુ ઘણાં મોટા પ્રમાણમાં કરાવતા.

એક દિવસ સવારે હું મંદિરમાં પાઠ કરતી હતી. એક ભાઈ બોલાવવા આવ્યા, ચાલો જલ્દી તમારા રૂમમાં ભગવાન પધાર્યા છે.

# ''કલ ખેલ મેં હમ હો ના હો, ગર્દીશ મેં તારે રહેંગે સદા''

## સુખી અને સાર્થક જીવનનું રહસ્ય



ડો. ધીરજકુમાર વ્યાસ
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા

ઈશ્વરે આપણને માનવ દેહ રૂપી અદ્ભુત બક્ષિસ આપી છે. મન–મગજ અદ્ભુત કોમ્પ્યુટર કરતા ચડિયાતું જ્ઞાન આપ્યું છે આંખો બંધ કરો. ક્ષણમાં યુરોપ– અમેરિકા ફરી આવો મનગમતા સ્થળે જઈ આવોનો ચાર્જ, નો ટાઈમનો બિલ છતાં માણસ જીવની હત્યા કરે છે. એક કવિ નરસિંહ રાવ દિવેટિયા લખે છે. ''તું દયામય છે છતાં, મૃત્યુ પ્રભુ તે શીદ રચ્યું ? વિશ્વાસમાં સુખદુઃખનું શીદ યુધ્ધ રાખે તું મરયું? હરિભાઈ કોઠારી લખે છે. માનવ મૃત્યુથી ગભરાય છે. કારણ કે તે મૃત્યુને અમંગલ ઘટના ગણે છે. જીવન તરફ જોવાની દષ્ટિ જો સમુચિત રીતે કેળવાય તો માનવને મૃત્યુમાં રહેલું માંગલ્ય સમજાય જીવન એટલે શિવનું જીવને મળવા આવવું અને મૃત્યુ એટલે જીવનું શિવને મળવા જવું અંતિમ પર્વ – પૃ.૬.જીવન એક યાત્રા છે. જાત્રા છે પ્રવાસ છે. મૃત્યુનું સ્થાન સમય નિશ્ચિત છે પ્રવાસ કેવો, કેટલો લાંબો છે. તે વિશે આપણે સૌ અજાણ છીએ એ એક મોટું વરદાન છે નહિ તો શું થાત ? પરંતુ જેટલો પ્રવાસ હોય તેટલો પ્રવાસ આનંદમાં, રસથી ભરપુર બને તે માટે આપણે પ્રયત્ન કરવો જોઈએ સાથી મિત્રો પ્રવાસીઓ સૌને ભરપુર પ્રેમ કરી લો આશ્વાસનો વિશ્વાસ નથી કે ચાર્જ કરશું એટલે ચાલુ થઈ જશે મૃત્યુ સમયે સોક્રેટિસે શિષ્યોને કહ્યું હતું. હું એ જાણવા છું કે મોતની ઘટનામાં કોણ મરે છે ? મોત કે હું ? એક કલાકારે સ્ટેજ ઉપર સરસ ગીત ગાયુ છે. માત્ર સાર એવો છે કે હે પ્રભુ હમારા અજ્ઞાન કો મધુર જ્ઞાનનું તે જ આપ અમે બુરાઈથી બચીએ કોઈ સાથે વેર નહિ. ઝઘડો નહિ. બસ ક્ષમાનો ભાવ ભરી દો જીવનમાં ઈસુએ પ્રભુને કહ્યું હતુ કે આ મને મારવા વાળાઓને ખબર નથી કે તેઓ શું કરી રહ્યા છે તે સૌને હું માફ કરી દઉં છું તમે પણ માફ કરજો ભગવાને આ દેહ ભાડે આપ્યો છે. ભાડુ લીધું નથી જયાં જવાનું છે તે નક્કી છે ટિકિટ કન્ફમ છે. માત્ર આપણને જાણ નથી. ડો મનુ કોઠારી અને ડો. લોયા મહેતાને આપ સૌ ઓળખતા હશો. ઘણા પુસ્તકો લખ્યા. ખૂબ મોટા ડોકટર હતા સાથે કામ કર્યુ ઘણી હોસ્પિટલોમાં છેલ્લા ઘણા વરસોથી દર્દીને બચવાની આશા ન હોવા છતાં ક્રિટીકલ કેર, વેન્ટી લેટર ઉપર રાખીને મૃત્યુને લંબાવે જાય છે. ડોકટરોનો આશય એવો હોય છે કે દર્દીને મૃત્યુ ભેટે નહીં ત્યાં સુધી સારવાર આપવી આ પરિસ્થિતિમાં બન્ને બાજુ ખુબ ચર્ચાઓ થઈ છે. ઈચ્છા મૃત્યુનો ઘણા વિરોધ કરે છે પરંતુ કોઈ દર્દી અત્યંત પીડાતો હોય અને ઘણા ઓર્ગન નિષ્ફળતા જવા લાગે ત્યારે કૃત્રિમ સાધનો વડે જીવન લંબાવવાનો કોઈ અર્થ ઘણા અનુભવી ડોકટર સગાઓને કહે પણ છે ખરા દર્દીને હવે સારવારની જરૂર નથી ઘરે લઈ જાઓ અને ઘરે શાંતિથી મૃત્યુની પ્રતીક્ષા કરો સ્વજનોને આશા હોય છે કે કોઈ ચમત્કાર બચાવી શકે. પરંતુ દર્દીની ઉંમર નેવું વરસ ઉપર હોય દર્દ ખૂબ અસાધ્ય અને પીડાદાયક હોય તો વેન્ટીલેટર –અને અન્ય ઉપાયોથી દર્દીને જીવન લંબાવવું દર્દી માટે અને સેવા કરનારા માટે દુષ્કર હોય છે ડો લોયા મહેતા એનોટોમીના પ્રોફેસર હતા શરીર વિશે સંપૂર્ણ જાણતા હતા રોગ વિજ્ઞાનના જ્ઞાતા હતા તેમણે પોતાની હોસ્પિટલમાં સેવા કરી છે ત્યાં જ અંતિમ સમય સારવાર માટે લઈ જતા તેમણે એક મહત્વનો પત્ર લખ્યો છે જે સૌ કોઈએ વાંચવા જેવો છે આપણે તેમના શબ્દોમાં વાંચીએ (૭૮ વરસની ઉંમરે તેમણે લિવિંગ વિલ લખી ચડષ્ટ રીતે જણાવ્યું...) ''જયારે શરીર સાથ આપવાનું બંધ કરી દે, જયારે સ્વસ્થ થવાની કોઈ શકયતા ન રહે, ત્યારે મારા પર કોઈ સારવાર કરવી નહિ કોઈ વેન્ટીલેટર નહિ કોઈ ટ્યુબ નહિ, કોઈ અનાવશ્યક હોસ્પિટલની ધમાલ નહીં. મારા અંતિમ ક્ષણો શાંતિથી પસાર થવા દો. સારવારના હઠાગ્રહ કરતાં જ્ઞાનને પ્રાધાન્ય આપવું જોઈએ. ડો. લોયાએ આ દસ્તાવેજ માત્ર લખ્યો જ નહિ પરંતુ મૃત્યુ વિશેનો એક રિસર્ગ પેપર પણ પ્રકાશિત કર્યો. તેમાં તેમણે સ્પષ્ટ કર્યુ કે મૃત્યુ એ એક કુદરતી, અનિવાર્ય અને જૈવિક પ્રક્રિયા છે. તેમના તર્ક મુજબ આધુનિક ચિકિત્સાએ મૃત્યુને કયારેય સ્વતંત્ર રીતે જોયું નથી. ચિકિત્ હંમેશા એમ માને છે કે મૃત્યુ કોઈ રોગનું પરિણામ છે અને રોગની સારવાર કરીને મૃત્યુને રોકી શકાય છે. શરીર વિજ્ઞાન તેનાથી કંઈક વધુ ઊંડું છે. તેઓ દલીલ કરે છે કે શરીર કોઈ યંત્ર નથી જે સતત ચાલ્યા કરે. તે એક મર્યાદિત વ્યવસ્થા છે. જેમાં ચોક્કસ માત્રામાં જીવનશકિત હોય છે. આ શકિત કોઈ સંગ્રહિત ટાંકીમાંથી આવતી નથી. પરંતુ સુક્ષ્મ શરીરમાંથી આવે છે. આ સુક્ષ્મ એવી વસ્તુ છે જે દરેક વ્યકિત અનુભવે છે. પરંતુ જોઈ શકતું નથી. તે મન, બુધ્ધિ, સ્મૃતિઓ અને ચેતનાનો બનેલ એક વ્યવસ્થા છે. આ સૂક્ષ્મ શરીર જીવન શકિત માટેના દ્વાર જેવું કામ કરે છે આ સમગ્ર શકિત શરીરમાં ફેલાય છે અને જીવંત રાખે છે. હૃદયનાં ધબકારા પાચન અને વિચારવાની ક્ષમતા આ બધું તેમના ઉપર નિર્ભર કરે છે આ શકિત અનંત નથી દરેક શરીરમાં ચોકકસ માત્રા હોય છે. યંત્રની બેટરીની જેમ વધારી–ઘટાડી શકાય નહિ. ડો લોપાબેન લખ્યું કે જયારે શરીરમા આ શકિત ખુટી જાય ત્યારે સુક્ષ્મ શરીર ભૌતિક શરીર સ્થિર થઈ જાય છે આપણે તેનું મૃત્યુ કહીએ છીએ. આ પ્રક્રિયા કોઈ રોગ કે ખામી સાથે સંબંધિત નથી. આ શકિત દરેક ક્ષણે ખર્ચાતી રહે છે દરેક કોષ, દરેક અંગ પોતાનું આયુષ્ય પુરૂં કરે છે ત્યારે શરીર શાંતિથી વિશ્રામ કરે છે તે એક જૈવિક સમય છે. અલગ જીવન, અલગ માત્રા હોય છે. ચિકિત્સા શાસ્ત્ર મૃત્યુને રોકવા પ્રયત્ન કરે છે ત્યારે દર્દી કુટુંબ શાકી જાય છે. મને ફકત KEM હોસ્પિટલમાં લઈ જાઓ. મારા શરીરને રોકેશો નહિ જવા દો.

# 'સમજણ એ જ નારાયણ'

## ''હા ગુરૂજી, આંખ પક્ષીની ફકત દેખાય છે, પણ પછી બચ્ચાં ત્યાં કલબલતાં સતત દેખાય છે.''

– રાજેશ વ્યાસ 'મિસ્કીન'




યોગેશ ભટ્ટ
(બી.એ.એલ.એલ.બી)
મો. ૯૯૨૪૦૧૩૪૬૪ – અમરેલી

આપણે મહાભારતનાં આ દષ્ટાંતથી સૌ સારી રીતે વાકેફ છીએ કે કૌરવો અને પાંડવોના સંતાનોને ગુરૂ દ્રોણાચાર્ય પાસે શિક્ષા પ્રાપ્તિ અને યુધ્ધ કૌશલ્યની પારંગતતા પ્રાપ્ત કરવા માટે આ કામમાં મુકવામાં આવે છે, પોતાની ધ્યાન, કુશળતા, ધગશ, તૈયારી, તાલાવેલી અને તત્પરતાનાં કારણે જ બાળ અર્જુન શરૂઆતથી જ ગુરૂજીનો પ્રિય શિષ્ય બની લઈ જઈને તેમાં બેઠેલ પક્ષી ઉપર પોતાનું લક્ષ્ય સાધવાનું કહે છે, પછી વારાફરતી સૌને બાણનું સંધાન કરાવીને પુછે છે કે બતાવો તમને નજર સામે શું શું દેખાય છે ? સૌનાં જવાબો અલગ અલગ હોય છે, જેમ કે વૃક્ષ, ડાળીઓ, પાંદડાઓ, માળો પક્ષી વિગેરે ફકત અર્જુનનો જ જવાબ હોય છે કે '' ગુરૂજી મને તો એ પક્ષીની ફકત આંખ જ દેખાય છે !'' આ વાત આપણે સૌ બાલ્યાવસ્થાથી સાંભળતા આવ્યાં છીએ. પણ ત્યાંથી આગળ પણ એક નવા જ વણાંકે અને ઊંચાઈએ મિસ્કીન સાહેબની શીર્ષક પંકિતઓ લઈ જાય છે !આપણે ત્યાં કહેવાતું આવ્યું છે કે ''જયાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ'' આ વાતને સિધ્ધ અને સાર્થક કરતા શબ્દની, કલમની અને કવિ કર્મયોગની શ્રેષ્ઠતા સાબિત કરતો આ શે'ર અર્જુનની (કે આજના સમાજની !) અનેક વ્યથાઓને વાચા આપવા સક્ષમ છે ! એક જ શે'રમાં કેટકેટલું એક સાથે વણી લેવામાં આવ્યું છે, એ તો સૌ પોતપોતાનાં ગજા પ્રમાણે જ માપી કે પામી શકે ! કવિની કલ્પનાને કોટી કોટી વંદન ! અર્જુનનાં માધ્યમથી, પક્ષીના માધ્યમથી કે શે'રનાં માધ્યમથી અનેક સમસ્યાઓ ઉપર એક જ તીરથી નિશાન તાંકવા બદલ અરે સત્ય, પ્રેમ, કરૂણા, અહિંસાનો એક સાથે સ્વસ્તિક રચી દેવા બદલ મિસ્કીન સાહેબને પ્રણામ ! વિચારો કવિએ કલ્પનાનાં ઘોડા કયાં કેવા અને કેટલાં દોડાવ્યા હશે ! ત્યાં જ અર્જુનની કક્ષામાં કવિ પ્રવેશી જાય છે કે ગુરૂજી મને તો ફકત પક્ષીની આંખ જ દેખાય છે, હમણાં બાણ, તીર છોડું એટલે એ અચૂક જ હોવાનું પણ એ તીર છોડતાં પહેલાં જ મને તે પક્ષીનાં બચ્ચાઓની પછીની હાલત પણ અત્યારથી દેખાય છે ! બસ અહિંયા જ શીષ્ય ગુરૂથી સવાયો થઈ જતો હોય છે ! કવિએ આ ગજવેલ શે'રનાં માધ્યમથી સમાજમાં અરાજકતા ફેલાવનારા તત્વો ઉપર પણ અચૂક વાર કર્યો છે, જે લોકો માનવ ધર્મ ભૂલી નિર્દોષ માણસોને હેરાન કરે છે, તેની સામે પણ જાણે કે લાલબત્તી ધરી છે !

**નવનીત :** ખોટું કરતી વખતે થતો ખચકાટ પવિત્ર હોય છે !

# ગામથી મહાનગર સુધી : સપનાઓ, સંઘર્ષ અને સંવેદનશીલતા





ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
અમરેલી મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯

ગુજરાતના અનેક નાનાં ગામડાંમાંથી દર વર્ષે હજારો વિદ્યાર્થીઓ અને યુવાનો મોટા સપનાઓ લઈને અમદાવાદ, મુંબઈ, દિલ્હી અને અન્ય મહાનગરોમાં પ્રવેશ કરે છે. કોઈ ઉચ્ચ શિક્ષણ માટે, કોઈ નવી નોકરી માટે, તો કોઈ પોતાના પરિવારની આર્થિક સ્થિતિ બદલવાના આશયથી. પરંતુ આ પરિવર્તન માત્ર સ્થળ બદલવાનું નથી; તે જીવનની ગતિ, વિચારધારા અને ઓળખ બદલવાની એક ઊંડી માનસિક સફર છે જે ઘણીવાર બહારથી દેખાતી નથી, પરંતુ અંદરથી મોટો સંઘર્ષ લઈને આવે છે.નાના ગામડાંમાં ઉછરેલા વિદ્યાર્થીઓ માટે મહાનગરનો રિધમ સંપૂર્ણપણે જુદો હોય છે. ગામમાં જીવન સંબંધો પર આધારિત હોય છે, જયારે શહેરમાં સમય, પરિણામ અને કાર્યક્ષમતા કેન્દ્રસ્થાને હોય છે. અહીં કોઈ ધીમે ચાલનારની રાહ નથી જોતું. આ ગતિમાં પોતાને ઢાળવું જ ગામડાંમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે પ્રથમ મોટો પડકાર બની જાય છે.**ભાષા : સંવાદનો નહીં, આત્મવિસનો પ્રશ્ન :** મહાનગરોમાં શિક્ષણ અને નોકરી બંને ક્ષેત્રે ભાષા એક મહત્વપૂર્ણ સાધન બની ગઈ છે. અંગ્રેજી અને શહેરી સંવાદશૈલીમાં પોતાને વ્યકત કરવું ઘણા ગ્રામ્ય વિદ્યાર્થીઓ માટે શરૂઆતમાં મુશ્કેલ બને છે. વિચાર સ્પષ્ટ હોવા છતાં, ભાષાની અડચણ આત્મવિસને ધીમે ધીમે નબળો બનાવે છે. લેખક પોતે અમરેલી નજીકના એક નાનાં ગામમાંથી નીકળીને જયારે મોટા શહેરમાં અભ્યાસ અને કાર્ય માટે ગયા, ત્યારે આ ભાષાકીય અને સાંસ્કૃતિક અંતર સ્પષ્ટ રીતે અનુભવાયું. ક્ષમતા હોવા છતાં પોતાને રજૂ કરવામાં થતો સંકોચ એ કોઈ કમજોરી નહોતી, પરંતુ એડજસ્ટમેન્ટની કુદરતી પ્રક્રિયા હતી જે દરેક ગામડાંના વિદ્યાર્થી પસાર થાય છે.**શહેરની સ્પર્ધા અને 'એક્સપોઝર ગેપ'** શહેરની કોલેજો અને કાર્યસ્થળોમાં માત્ર જ્ઞાન પૂરતું નથી; પ્રેઝન્ટેશન, કમ્યુનિકેશન, ટેક્નોલોજી અને નેટવર્કિંગ પણ એટલા જ જરૂરી બની જાય છે. ગામડાંમાંથી આવેલા વિદ્યાર્થીઓ ઘણીવાર મજબૂત મૂળભૂત સમજ ધરાવતા હોવા છતાં, 'એક્સપોઝર ગેપ'ના કારણે પોતાને પાછળ માને છે.લેખકના જીવનમાં ગુજરાત સિવાય રાજસ્થાન, કર્ણાટક, છત્તીસગઢ, મહારાષ્ટ્ર અને બિહાર જેવા છ અલગ રાજયોમાં કામ કરવાનો અનુભવ રહ્યો છે. દરેક રાજય નવી ભાષા, નવી સંસ્કૃતિ અને નવી કાર્યશૈલી લઈને આવ્યું. શરૂઆતમાં દરેક જગ્યાએ એડજસ્ટ થવામાં સમય લાગ્યો, પરંતુ આ અનુભવો એ સમજાવ્યું કે સમસ્યા ક્ષમતાની નહીં, પરંતુ પરિસ્થિતિને અપનાવવાની હોય છે.**ભીડમાં એકલાપણું :** ગામડાંમાં જીવન સામૂહિક હોય છે. સુખ–દુઃખમાં આખું ગામ જોડાય છે. જયારે શહેરમાં માણસ ભીડ વચ્ચે પણ એકલો અનુભવે છે. હાસ્ટેલ કે ભાડાના રૂમમાં રહેતા વિદ્યાર્થીઓ માટે પરિવારથી દૂર રહેવું ભાવનાત્મક રીતે ભારે પડે છે. ઘણીવાર આ એકલતા મૌન રહે છે, કારણ કે સંઘર્ષ વ્યકત કરવો પણ એક સંઘર્ષ બની જાય છે.**આર્થિક દબાણ :**મહાનગરોમાં જીવન ખર્ચાળ છે. ભાડું, મુસાફરી,ખોરાક અને શિક્ષણ બધું જ ગામની તુલનામાં મોંઘું. મધ્યમ અથવા નીચી આવકવાળા પરિવારોના વિદ્યાર્થીઓ માટે આ આર્થિક દબાણ સાથે ભણતર અથવા નોકરી સંભાળવી સહેલી બાબત નથી. છતાં, આ દબાણ ઘણીવાર તેમને વધુ જવાબદાર અને આત્મનિર્ભર બનાવે છે.**સંઘર્ષમાંથી ઘડાતી સંવેદનશીલતા :**આ તમામ પડકારો છતાં, ગામડાંમાંથી આવેલા વિદ્યાર્થીઓમાં એક વિશેષ ગુણ જોવા મળે છે સહનશકિત. તેઓ ધીમે ધીમે શહેરની ગતિ અપનાવે છે, પોતાની ખામીઓને ઓળખે છે અને તેને શકિતમાં ફેરવે છે. તેમની જમીન સાથે જોડાયેલી મૂલ્યવ્યવસ્થા અને મહેનતની આદત તેમને લાંબા ગાળે અલગ ઓળખ આપે છે.લેખકના જીવનમાં અલગ અલગ રાજયોમાં કામ કરવાનો અનુભવ એનું જીવંત ઉદાહરણ છે કે ભૂગોળ બદલાય છે, પરંતુ જો મૂલ્યો મજબૂત હોય તો માણસ દરેક જગ્યાએ પોતાનું સ્થાન બનાવી શકે છે.**સિસ્ટમ માટે એક સંદેશ :** આ સંઘર્ષ માત્ર વ્યકિતગત નથી; તે એક સામૂહિક જવાબદારી પણ છે. કોલેજો, સંસ્થાઓ અને નીતિ–નિર્માતાઓએ ગામડાંમાંથી આવેલા વિદ્યાર્થીઓ માટે મેન્ટરશિપ, ભાષા સહાય, કાઉન્સેલિંગ અને ઈન્ક્લૂસિવ વાતાવરણ ઊભું કરવું જરૂરી છે. નહીં તો પ્રતિભા માત્ર એડજસ્ટમેન્ટના અભાવે ખોવાઈ જાય છે.**અંતમાં :**ગામડાંમાંથી આવેલા વિદ્યાર્થીઓ શહેરમાં માત્ર પોતાનું ભવિષ્ય નથી શોધતા; તેઓ પોતાના પરિવાર, ગામ અને સમાજની આશાઓ પણ સાથે લઈને આવે છે. યોગ્ય સહારો મળે તો આ જ વિદ્યાર્થીઓ મહાનગરોની પ્રગતિમાં સૌથી મજબૂત આધારશિલા બની શકે છે.કારણ કે સપનાઓ ગામમાં પણ ઉગે છે તેમને ફકત શહેરમાં પાંખો આપવાની જરૂર છે. **મોટિવેશનલ ટોનિકછ :**''કૌન કહેતા હૈ કિ આસમાન મેં સુરાખ નહીં હો સકતા,
ઈક પથ્થર તો તબીયત સે ઉછાલો યરો।'' દુષ્યંત કુમાર

# માનવ અધિકારોની સુરક્ષા/જાળવણી અને જાગૃતિ માટે આગળ આવો

માનવ અધિકાર સંરક્ષણ કાયદો ૧૯૯૩નો હેતુ એ છે કે ભારતમાં રહેતા તમામ નાગરિકોના માનવ અધિકારોનું રક્ષણ કરવું અને માનવ અધિકારોનો બહોળા પ્રચાર અને પ્રસાર કરવો અને લોકોમાં માનવ અધિકારો પ્રત્યે જાગૃતિ લાવવી.

**માનવ અધિકારની વ્યાખ્યા :–** માનવ અધિકાર(કલમ ૨(૧)(ડી): માનવ અધિકાર એટલે ભારતીય બંધારણમાં આપેલ બાહેધરી અથવા આંતરરાષ્ટ્રીય સંધિઓમાં જેનો સમાવેશ થાય છે અને ભારતના ન્યાયાલયોમાં અમલમાં મૂકી શકાય તેવા વ્યકિતઓના જીવન, સ્વતંત્રતા, સમાનતા, અને ગૌરવને લગતા અધિકારો.

આપ આપની નજર સમક્ષ બનતી ઘટનાઓ, આપની આસપાસ બનતી ઘટનાઓ, આપના વિસ્તારમાં છેલ્લા એક વર્ષમાં કોઈ એવી ઘટના ઘટી હોય જેમાં વ્યકિત/લોકોના માનવ અધિકારોનો ભંગ થતો હોય તો નીચે મુજબ આપેલ સરનામે માનવ અધિકારોની સુરક્ષા માટે સંપર્ક કરી ફરિયાદ દાખલ કરો.

અત્રે એ યાદ રાખવું જરૂરી છે કે કોઈપણ વ્યકિત/લોકોના માનવ અધિકાર ભંગની જાણકારી ધરાવતી કોઈપણ વ્યકિત માનવ અધિકાર ભંગની ફરિયાદ આયોગ સમક્ષ કરી શકે છે.

**રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગનું સરનામું :–**

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ માનવ અધિકાર ભવન બ્લોક–સી, જી.પી.ઓ કોમ્પ્લેક્ષ, આઈએનએ. – નવી દિલ્હી–૧૧૦૦૨૩ ટેલીફોન નંબરઃ–૦૧૧–૨૪૬૫૧૩૩૦ ફેક્સ નંબર ૦૧૧–૨૪૬૫૧૩૨૯ ફરિયાદ માટે ઈમેલ એડ્રેસ :– covdnhrc@nic.in, jonhrc@nic.in, cr.nhrc@nic.in. & ફેક્સ–૦૧૧–૨૪૬૫૧૩૩૨ Website : www.nhrc.nic.in, હેલ્પલાઈન/મદદ – ૦૧૧–૨૪૬૫૧૩૩૦, મોબાઈલ નંબર – ૦૯૮૧૦૨૯૮૯૦૦

**રાજય માનવ અધિકાર આયોગનું સરનામું :–** ગુજરાત રાજય માનવ અધિકાર આયોગ, કર્મયોગી ભવન, સેક્ટર–૧૦–એ બ્લોક નંબર–૧, ૪થો અને ૫મો માળ – ગાંધીનગર –૩૮૨૦૧૭ ટેલીફોન નંબર –૦૭૯–૨૩૨–૫૭૫૯૫–૯૩–૪૭, ફેક્સ નંબર–૦૭૯– ૨૩૨–૫૭૫૯૬ દરેક જિલ્લાની સેસન્સ કોર્ટને જીલ્લા માનવ અધિકાર અદાલત તરીકે જાહેર કરેલ છે. પ્રતિશ્રી, ચેરમેન અને મુખ્ય જજ જીલ્લા સેસન્સ કોર્ટ અમે જીલ્લા માનવ અધિકાર અદાલત, જિલ્લો માનવ અધિકારોના રક્ષણ માટે વધુ વિગત/સહાય/મદદ માટે સંપર્ક કરો **કાંતિલાલ પરમાર,** માનવ અધિકાર કાર્યકર્તા, અમદાવાદ, ગુજરાત મોબ.–૯૭૨૭૭૪૫૩૮૬Email :- parmar.kantilal@gmail.com

# સુડાવડ મુકામે રૂા. ૪૦ લાખનાં ખર્ચે બ્લોક રોડ સહિતના વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરતાં ઉર્જામંત્રી










રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી અને અમરેલી–વડિયા–કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાના હસ્તે બગસરાના સુડાવડ મુકામે રૂા. ૪૦ લાખના ખર્ચે બ્લોક રોડ, ભૂગર્ભ ગટર સહિતના વિવિધ વિકાસકામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સુડાવડ ગામના ૧૦ સામાન્ય પરિવારોને રાજય સરકારની જયોતિગ્રામ યોજના હેઠળ વીજ વપરાશ માટે વીજ કનેકશન મળ્યા છે. ઘર વીજવપરાશ માટે સામાન્ય પરિવારોને વીજ કનેકશન મળતાં તેમના ચહેરા ઓપર હરખનું સ્મિત રેલાયુ હતું. આ પરિવારો સાથે રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ મુલાકાત કરી તેમની સાથે વાર્તાલાપ કર્યો હતો. રાજયમંત્રીએ સુડાવડ મુકામે આઈશ્રી ખોડિયાર માતાજીના મંદિરે દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. સુડાવડ મુકામે ગ્રામજનોની સભાને સંબોધન કરતા રાજયમંત્રી કૌશિકભાઈએ જણાવ્યું કે, જયોતિગ્રામયોજના અન્વયે ૧૫ પરિવારના કલસ્ટર મુજબ વીજ કનેકશન આપવામાં આવતા હતા. આ યોજના હેઠળ ૦૫ પરિવારના કલસ્ટર મુજબ પરિવારોને વીજ કનેકશન ત્વરિત મળે તે દિશામાં આખરી નિર્ણય બાદ ત્વરાએ કામગીરી આગળ ધપશે. વધુમાં તેમણે ઉમેર્યું કે, રાજય સરકારે તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ બાદ ત્વરિત ખેડૂતોના હિતમાં નિર્ણય કરીને ઐતિહાસિક રૂા. ૧૦ હજાર કરોડનું રાહત પેકેજ જાહેર કર્યુ છે. રાજય સરકાર સતત ખેડૂતોની ચિંતા કરીને તેમની પડખે ઉભી છે. સુડાવડ મુકામે વિવિધ વિકાસકામોના ખાતમુહૂર્ત પ્રસંગે શ્રી ખોડિયાર મંદિર મહંત પૂ. શ્રી જિગ્નેશબાપુ, જિલ્લા પંચાયતના સભ્યો, બગસરા તાલુકા અગ્રણીઓ, ગ્રામ પંચાયત સરપંચ પ્રવિણભાઈ આસોદરિયા અને સભ્યો સહિત બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૮ ઉપરનું ચાલું બાબરાનાં ગળકોટડીમાંથી વિદેશી દારૂની

એન–૩૦૪૪ કિંમત રૂપિયા ૨૫,૦૦,૦૦૦ તથા એક બોલેરો પીકઅપ ડાલુ નં. જી.જે.–૧૩ એએકસ–૧૬૫૦ કિંમત રૂપિયા ૭,૦૦,૦૦૦ તથા આરોપીઓ પાસેથી મળી આવેલ અલગ અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ ૭ કિંમત રૂા. ૪૯,૦૦૦ તથા કન્ટેનરના કેબીનમાંથી મળી આવેલ પર્સમાંથી રોકડા રૂા. ૭૭૦ મળી કુલ રૂપિયા ૯૫,૨૯,૬૧૦નાં મુદામાલ સાથે ૫ આરોપી પકડાઈ જઈ તથા ૭ આરોપીઓ નાશી ગયા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ સુપર | ૧૨૫૦ | ૧૫૭૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૯૭૦ | ૧૨૫૦ |
| ૩ | મગફળી | ૧૦૧૨ | ૧૩૫૮ |
| ૪ | તલ સફેદ | ૧૬૭૦ | ૨૦૪૦ |
| ૫ | જીરૂ | ૩૧૧૦ | ૩૮૪૦ |
| ૬ | ઘઉં | ૪૭૫ | ૫૩૫ |
| ૭ | ચણા | ૯૮૫ | ૧૦૨૫ |
| ૮ | અડદ | ૯૧૫ | ૧૨૩૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ એ | ૧૨૨૬ | ૧૪૬૫ |
| ૨ | કપાસ કોડી | ૯૫૦ | ૧૧૪૧ |
| ૩ | મગફળી | ૯૯૫ | ૧૨૦૧ |
| ૪ | ઘઉં | ૫૦૦ | ૫૧૬ |
| ૫ | ચણા | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૬ | તુવેર | ૧૧૮૦ | ૧૨૩૧ |
| ૭ | ધાણા | ૧૩૧૩ | ૧૫૫૧ |
| ૮ | મેથી | ૮૬૦ | ૮૬૦ |
| ૯ | તલ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૧૦ | શીંગદાણા | ૧૦૫૦ | ૧૨૫૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૬૫ | ૧૩૦૩ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૫૨ | ૧૩૦૦ |
| ૩ | શિંગ મોટી | ૮૪૦ | ૧૩૬૫ |
| ૪ | શિંગદાણા | ૧૧૫૫ | ૧૩૫૮ |
| ૫ | શિંગદાણા ફાડા | ૧૨૦૦ | ૧૨૯૫ |
| ૬ | તલ સફેદ | ૯૭૦ | ૨૩૫૦ |
| ૭ | તલ કાળા | ૩૬૨૦ | ૪૯૫૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૨૩૩૩ | ૨૪૫૬ |
| ૯ | જુવાર | ૧૦૩૦ | ૧૧૫૧ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૯૬ | ૫૪૪ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૪૫ |
| ૧૨ | મકાઈ | ૩૫૨ | ૩૫૨ |
| ૧૩ | અડદ | ૧૦૦૦ | ૧૪૭૦ |
| ૧૪ | ચણા | ૯૨૫ | ૧૦૩૦ |
| ૧૫ | સફેદ ચણા | ૯૮૫ | ૧૦૮૨ |
| ૧૬ | છોલે ચણા | ૧૫૬૨ | ૧૫૬૨ |
| ૧૭ | કપાસ | ૮૭૦ | ૧૫૬૧ |
| ૧૮ | એરંડા | ૧૧૩૨ | ૧૩૨૨ |
| ૧૯ | ધાણા | ૧૨૭૫ | ૧૭૫૦ |
| ૨૦ | મેથી | ૯૦૦ | ૯૯૦ |
| ૨૧ | સોયાબીન | ૭૪૨ | ૮૮૭ |
| ૨૨ | રજકાનું બી | ૪૯૦૦ | ૯૫૧૦ |
| ૨૩ | મરચા લાંબા | ૬૬૦ | ૩૩૮૦ |
| ૨૪ | કાંગ | ૩૭૫ | ૩૭૫ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં સાયબર ફ્રોડની

ફ્રોડ દ્વારા અલગ અલગ ખાતામાં રૂપિયા મેળવી અને તે રૂપિયા સગેવગે કર્યા અંગેની આજે વધુ પાંચ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં સુરત શહેરના કારગીલ ચોક લાલુભાઈના મકાનમાં ભાડેના મકાનમાં રહેતાં મુળ બગસરા તાલુકાના જુના વાઘાણીયા ગામે રહેતાં આરોપી નિખીલભાઈ કિશોરભાઈ ગેવરીયા, સુજલભાઈ કુલદિપભાઈ ભુવા, વિજ્ઞેશભાઈ ચંદુભાઈ ભુવા તથા ઉત્સવભાઈ ચંદુભાઈ ભેંસાણીયા સહિતનાઓએ પોતાનો આર્થીક લાભ મેળવવા માટે ઓનલાઈન ફ્રોડ–ઠગાઈના રૂપિયા હોવાનુ સારી રીતે જાણતા હોય આમ છતાં આરોપી નિખીલભાઈ કિશોરભાઈ ગેવરીયાએ પોતાનું એસ.બી.આઈ. બેંક મોટી કુંકાવાવ શાખાના એકાઉન્ટ નંબર ૩૫૦૬૧૩૧૨૧૯૨ આપી બાકીના આરોપીઓએ તે ખાતામાં ઓનલાઈન યુ.પી.આઈ. મારફતે તથા આઈ.એમ.પી.એસ. મારફતે કુલ રૂપિયા ૫,૧૭,૩૫૨ ઓનલાઈન ફ્રોડ ઠગાઈના નાણા જમાં કરાવેલ હોય. જે રૂપિયા ખાતા ધારક આરોપીએ પોતાના બેંક ચેક મારફતે જુદી જુદી તારીખ અને સમયે રૂપિયા ૪,૬૪,૫૦૦ ઉપાડી અને અન્ય આરોપીને રોકડથી આપી દિધેલ તમામ આરોપીએ ઓનલાઈન નાણાકીય ફ્રોડ/ઠગાઈના નાણા પોતાના આર્થીક લાભ સારૂ અવાર નવાર મેળવી લઈ અને તે રૂપિયાનુ એકબીજાએ આપ–લે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૬ | ૧૫૩૦ |
| ૨ | મગફળી | ૯૫૧ | ૧૦૫૧ |
| ૩ | સોયાબીન | ૮૦૦ | ૮૦૦ |
| ૪ | ઘઉં | ૪૭૫ | ૪૭૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૮૩ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૩ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૧૯ |
| ૪ | કાંગ | ૪૪૦ | ૪૪૦ |
| ૫ | ચણા | ૭૦૦ | ૧૦૨૬ |
| ૬ | ધાણા | ૧૫૦૦ | ૧૬૨૫ |
| ૭ | તુવેર | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૮ | જીરૂ | ૨૫૦૦ | ૩૬૧૧ |
| ૯ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૦ | સોયાબીન | ૫૦૦ | ૮૪૪ |
| ૧૧ | લસણ | ૫૨૨ | ૫૨૨ |
| ૧૨ | મગફળી | ૮૬૦ | ૧૨૧૧ |
| ૧૩ | તલ સફેદ | ૧૦૦૦ | ૧૯૫૫ |
| ૧૪ | શીંગદાણા | ૧૨૭૦ | ૧૩૦૫ |
| ૧૫ | અડદ | ૯૪૫ | ૯૪૫ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૧૦ | ૧૨૪૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૩૦ | ૧૩૯૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૧૯૦૮ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | – |
| ૫ | જીરૂ | ૩૮૫૨ | – |
| ૬ | કપાસ | ૧૧૫૦ | ૧૫૬૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૬ | ૫૪૧ |
| ૮ | જુવાર | ૯૬૧ | ૧૦૫૨ |
| ૯ | અડદ | ૮૦૧ | – |
| ૧૦ | ચણા | ૭૭૫ | ૧૦૦૦ |
| ૧૧ | એરંડી | ૧૧૮૪ | ૧૨૪૧ |
| ૧૨ | ધાણા | ૭૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | સોયાબીન | ૭૦૦ | ૮૬૧ |

બીજા બનાવમાં રાજુલા તાલુકાના દેવકા ગામે રહેતાં આરોપી રોહનભાઈ અશોકભાઈ ગૌસ્વામીએ એક મહિલા તથા તેના પતિને વિસમાં લઈ પોતાને કનસ્ટ્રકશનનું કામ ચાલે છે તેનું પેમેન્ટ મેળવવા માટે રાજુલા ખાતે સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાની શાખામાં બેંક એકાઉન્ટ ખોલાવી તે એકાઉન્ટની પાસબુક આરોપીએ પોતાની પાસે રાખી એકાઉન્ટ નંબર ૪૩૯૩૨૩૮૫૩૭૮ના ખાતા ધારકોના સાઈબર ફ્રોડના કુલ રૂપિયા ૮,૦૮,૦૦૦ રૂપિયા મહિલાના પતિના એકાઉન્ટમાં જમા થતા હોવાનું જાણવા છતાં તે ખાતામાં બદદાનતથી ટ્રાન્ફસર કરાવી મહિલાનાં પતિને સાથે રાખી બેંકમાંથી ઉપાડી લઈ આરોપીએ પોતાની પાસે રાખી પોતાના આર્થિક ફાયદા સારૂ સાયબર ફ્રોડના રૂપિયા મેળવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા બનાવમાં રાજુલા તાલુકાના વડલી ગામે રહેતાં નાગજીભાઈ હરજીભાઈ બાબરીયાએ પોતાના એસ.બી.આઈ. રાજુલા શાખાનું કરંટ એકાઉન્ટ નંબર ૪૩૦૭૬૭૧૦૫૭૧ તથા પોતાના રાજ સપલાયર્સ નામનુ સેવીંગ એકાઉન્ટ નં. ૨૦૩૯૨૧૭૦૧૨૪નો ઉપયોગ કરી ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનું પોતે જાણવા છતાં પોતાના આર્થીક ફાયદા સારૂ ખાતામાં સાયબર ફ્રોડના રૂપિયા જમા કરાવી પોતે ઓપરેટ કરતા બેંક ખાતામાં મેળવી આ ખાતામાંથી વીડ્રોલ કરી નીખીલ રમેશભાઈ પાનસેરીયા (રહે. સુરત) વાળાને આંગડીયા મારફતે મોકલી પોતે કમીશન મેળવી સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ચોથા બનાવમાં કોઈ અજાણ્યા આરોપીએ કોટક મહિન્દ્રા બેંકના ખાતા નંબર ૫૬૫૦૫૪૭૫૩૦માં જલીયાણ એન્ટરપ્રાઈઝ (શોપ નંબર ૧૩ મીરા પ્લાજા લાઠી રોડ, અમરેલી) વાળા ખાતાનો ઉપયોગ કરનાર ઈસમ દ્વારા સાયબર ક્રાઈમથી થતી છેતરપીંડી (સાયબર ફ્રોડ)ના રૂપિયા આ બેંક એકાઉન્ટમાં તા. ૨૨/૪થી તા. ૨૮/૪/૨૫ સુધીમાં કુલ રૂપિયા ૨,૦૧,૩૫૦ વારંવાર જમા કરી કરાવી આ રૂપિયા સાયબર ક્રાઈમ ફ્રોડ તથા છેતરપીંડીના હોવાનું જાણવા છતાં આ એકાઉન્ટમાં મેળવી આ રૂપિયા ચેક દ્વારા વિડ્રોલ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાંચમાં બનાવમાં લાઠી તાલુકાના જરખીયા ગામે રહેતાં આરોપી હિરેનભાઈ રણજીતભાઈ હેરમાએ સાયબર ક્રાઈમથી થતી છેતરપીંડી (સાયબર ફ્રોડ)ના રૂપિયા પોતાના STATE BANK OF INDIA A/C No. ૪૧૩૪૪૭૦૨૨૩૨ માં તા. ૩૦/૯/૨૫ ના રોજ કુલ રૂપિયા ૨,૧૦,૬૭૮ અલગ અલગ રકમની એન્ટ્રીથી જમા કરી કરાવી સદર રૂપિયા સાયબર ક્રાઈમ ફ્રોડ છેતરપીંડીના હોવાનું જાણવા છતાં અલગ અલગ એન્ટ્રીથી પોતાના એકાઉન્ટમાં મેળવી આ રૂપિયા ચેક ધ્વારા વિડ્રોલ કરી આ રૂપિયા સગેવગે કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

## પાના ૧ ઉપરનું ચાલું ચોરી કરતી ગેંગને ઝડપી લેવામાં આવી

ઉર્ફે મોઈબો સલીમભાઈ હામજા, નવનીતભાઈ દડુભાઈ સાથળીયા તથા રાજકોટ રહેતાં મહંમદકૈફ હારૂનભાઈ અંસારી, લીલીયા ગામે રહેતાં રાહુલભાઈ નટુભાઈ સોલંકી, હાથીગઢ ગામે રહેતાં વિજયભાઈ ઉર્ફે હાથી ગોરધનભાઈ જસાણીયા સહિત આઠ શકમદ ઈસમોને ચોરીના કેબલ વાયર તથા ચોરીના સાધનો તથા વાહનો સાથે પકડી પાડી તેની સઘન પુછપરછ કરતા અમરેલી સહિત અલગ અલગ જિલ્લાઓમાં કરેલ કુલ ૧૧ ચોરીઓની કબુલાત આપતા પકડાયેલ આરોપી પાસેથી રોકડા રૂપિયા ૧૦૪૦૦, એલ્યુમિનીયમ ધાતુનો વાયર ૮૪ કિલો જેની કિંમત રૂપિયા ૧૬,૮૦૦, વાયર કાપવા માટેના કટર નંગ ૨ કિંમત રૂપિયા ૬,૦૦૦, એન્ડ્રોઈડ મોબાઈલ ફોન નંગ ૮ કિંમત રૂપિયા ૬૨,૦૦૦, એક ફોર વ્હીલ કાર નં. જી.જે.–૧૮ બીએ–૮૬૪૦ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦, એક બોલેરો ફોર વ્હીલ કાર નં. જી.જે.–૦૧ ડીટી–૬૦૩૨ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭,૯૫,૨૦૦ના મુદ્દામાલ સાથે ચોરીના ઉપયોગમાં લીધેલ વાહન, સાધનો તથા રોકડ રકમ તેમજ ચોરીના કેબલ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

પકડાયેલ ઈસમોની સઘન પુછપરછ કરતાં તેના સાગરીતો સાથે મળી આજથી આશરે એકાદ મહિના પહેલા દેવચંદની ફોરવ્હીલ તથા પીકઅપ બોલેરો ગાડીઓ લઈ ઉના તાલુકાના કંસારી ગામે પીજીવીસીએલના સબ સ્ટેશન ખાતે રાત્રીના સમયે ગયેલ અને ત્યાંથી એલ્યુમિનીયમ તથા અન્ય ધાતુના વાયર આશરે ૬૫૦ કિલોની ચોરી કરેલ અને આ વાયરમાંથી અડધા જેટલો અફજલભાઈ રહે. ચાંવડવાળાને રૂા. ૧,૧૫,૦૦૦માં વહેંચેલ અને તે પૈકીનો વેચવાનો બાકી હતો તે એલ્યુમિનીયમના બાચકા ભરી રાખેલ હોવાની હકિકત જણાવેલ હતી.

આશરે ચારેક મહીના પહેલા અમરેલીથી બગસરા જતા રોડે આવેલ પાણીયા ગામની સીમમા દેવચંદ ઉર્ફે કાલો તથા સુનીલભાઈ સોલંકી તથા નીતીન ઉર્ફે સુનીલ તથા નવનીત એમ ચારેય જણા દેવચંદની પીકઅપ બોલેરો લઈ વહેલી સવારના સમયે નદીના કાંઠે આવેલ એક પીજીવીસીએલના સબ સ્ટેશનમાં પડેલ ઈલેકટ્રીક કંડકટર વાયર આશરે ૧૨૦૦ મીટર ચોરી કરેલ બાદ આ વાયર અફજલભાઈ રહે. ચાંવડવાળાને રૂા. ૨૫,૦૦૦માં વહેંચી દીધેલ હોવાની હકિકત જણાવેલ હતી.

આશરે સાતેક મહિના પહેલા બધા અલગ અલગ વાહનોમાં ધારી તાલુકાના હીરાવા–જીરા ગામની સીમમાં આવેલ એક વાડીમાંથી રાત્રીના સમયે ગયેલ અને ત્યાંથી આશરે એકાદ ૧૦૦૦ મીટર જેટલો એલ્યુમિનિયમનો વાયર ચોરી કરેલ અને આ મુદામાલ અફજલભાઈ રહે. ચાંવડવાળાને વેચેલ હોવાની હકિકત જણાવેલ હતી.

આશરે અગીયારેક મહિના પહેલા ચાવંડ મુકામે ભાવનગર રોડ ઉપર આવેલ પાણી પુરવઠાના પંપની અંદર કોપર વાયર પડેલ છે તેવુ જાણવા મળતા દેવચંદ ઉર્ફે કાલો તથા સુનીલની મોટર સાયકલ લઈને જોવા ગયેલ અને બાદ તેના ૨–૩ દિવસ પછી તેમના મિત્ર લાલો શુકલ એમ બધાનો દેવચંદે કોન્ટેક કરી, અમરેલી બોલાવી બાદ બધા દેવચંદની પીકઅપ બોલેરો વાહનમાં જઈ ચાંવડથી આગળ બોલેરો મુકી, પાણી પુરવઠા પંપ હાઉસની પાછળની દિવાલ ટપીને અંદર જઈ કોપર વાયરનો ઢગલો હતો અને તેના ટુકડા કરી આશરે ૨ ટન જેટલો કોપર વાયર બોલેરો ભરી ચોરી કરીને જતા રહેલ અને આ કોપર વાયર રીઝવાનભાઈ રહે. બાબરાને રૂા. ૭ લાખમાં વેચેલ હોવાની હકિકણ જણાવેલ હતી.

એકાદ સવા વર્ષ પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા સુનીલ કમલેશભાઈ સોલંકી જેઓ બન્ને સુનીલની મોટર સાયકલ લઈને રાત્રીના આશરે ૩–૪ વાગ્યાના અરસામા બાબરા કોટડાપીઠા વાડી વિસ્તારમાં રાજકોટ રોડ ઉપર આવેલા પવન ચક્કીનો સામાન રાખેલ ત્યાં ગયેલ અને ત્યાં એક લાકડાના ડ્રમમાં કાળા કલરના રબરમાં કોપર વાયર આશરે ૧૦૦૦ મીટર જેટલોની ચોરી કરી અને તેના બીજા દિવસે આ વાયર સાફ કરી અફજલભાઈ રહે. ચાંવડવાળાને રૂા. ૭૦,૦૦૦માં વહેંચી નાખેલ હોવાની હકિકણ જણાવેલ હતી.

આજથી આશરે પોણા બે વર્ષ પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા વિજય જસાણીયા જેઓ અલગ અલગ વાહનોમાં ધારી તાલુકાના સરસીયા ગામની સીમમાં રાત્રીના સમયે અલગ અલગ ત્રણ વાડીમાંથી આશરે ૧૨૦૦ મીટર જેટલો એલ્યુમિનિયમના વાયરની ચોરી કરેલ હતી અને આ મુદામાલ અફજલભાઈ રહે. ચાંવડ વાળાને વેચેલ હોવાની હકકીત જણાવેલ હતી.

આશરે બે વર્ષ પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા વિજય જસાણીયા જેઓ અલગ અલગ વાહનોમાં રાત્રીના સમયે ખાંભા તાલુકાના ત્રાકુડા ગામ પાસે રોડની બાજુમાં આવેલ ભડીયામાંથી અલગ અલગ ધાતુના કેબલ વાયર તથા લોખંડની પ્લેટો તથા લોખંડનાં સામાનની ચોરી કરેલ હતી અને આ મુદામાલ અફજલભાઈ રહે. ચાંવડ વાળાને વેચેલ હોવાની હકકીત જણાવેલ હતી.

આશરે બે મહિના પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા સુનીલ સોલંકી તથા નવનીત સાથળીયા તથા નીતીન ઉર્ફે સુનીલ સોલંકી તથા મોઈફ ઉર્ફે મોઈબો તથા મયુર મુકેશભાઈ વણોદીયા રહે. અમરેલીવાળા એમ બધા દેવચંદની ફોરવ્હીલ તથા પીકઅપ બોલેરો ગાડીઓ લઈ અમદાવાદ–રાજકોટ હાઈવે લીંબડી પાસે આવેલ એક ખેતરમાં પડેલ એલ્યુમીનીયમ વાયર આશરે ૬૦૦ કિલોની ચોરી કરેલ હતી. જે વાયર અફજલભાઈ રહે. ચાંવડવાળાને રૂા. ૧,૨૦,૦૦૦માં વહેચેલ હોવાની હકિકત જણાવેલ હતી.

આશરે બે–અઢી મહિના પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા મહમદ કૈફ તથા મોઈફ ઉર્ફે મેબલો તથા નવનીત સાથળીયા એમ અમો બધા દેવચંદની ફોરવ્હીલ તથા પીકઅપ બોલેરો ગાડીઓ લઈ રાજકોટ પાસે આવેલ ત્રંબાથી આગળ નવા બાયપાસ પાસેથી એલ્યુમીનીયમ વાયર આશરે ૩૦૦ કિલોની ચોરી કરેલ હતી. જે વાયર અફજલભાઈ રહે. ચાંવડવાળાને રૂપિયા ૩૦,૦૦૦માં વહેચેલ હોવાની હકિકત જણાવેલ હતી.

આશરે બે થી અઢી મહિના પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા સુનીલ સોલંકી તથા નીતીન ઉર્ફે સુનીલ સોલંકી તથા નવનીત સાથળીયા એમ બધાએ દેવચંદની એકસયુવી ૫૦૦ ફોરવ્હીલ તથા પીકઅપ બોલેરો ગાડીઓ લઈ રાજકોટથી ટંકારા તરફ જતા આશરે ૨૫ કી.મી. દુર રોડની સાઈડમાં ખેતરમા પડેલ લોખંડનો ભંગાર આશરે ૪૦૦ કિલો તથા એલ્યુમીનીયમ વાયર આશરે ૧૫૦ કિલોની ચોરી કરેલ હતી. જે વાયર અફજલભાઈ રહે. ચાંવડવાળાને રૂા. ૪૦,૦૦૦માં વહેચેલ હોવાની હકિકત જણાવેલ છે.

આશરે અઢી મહિના પહેલા દેવચંદ ઉર્ફે કાલો તથા સુનીલ તથા નવનીત સાથળીયા તથા મયુરભાઈ મુકેશભાઈ વણોદીયા રહે. અમરેલી એમ બધાએ દેવચંદની ફોરવ્હીલ તથા પીકઅપ બોલેરો ગાડીઓ લઈ તારાપુરથી પહેલા એક ખુલ્લા ખેતરમાં પડેલ એલ્યુમીનીયમ વાયર આશરે ૩૦૦ કિલોની ચોરી કરેલ હતી. જે વાયર તારાપુર ખાતે જ કોઈ અજાણ્યા માણસને રૂા. ૬૫,૦૦૦ માં વહેચેલ હોવાની હકિકત જણાવેલ છે.

પકડાયેલ ઈસમો પૈકી આરોપી દેવચંદ ઉર્ફે કાલો રવજીભાઈ સોલંકી, (રહે. અમરેલી, રોકડીયાપરા વાળો) મુખ્ય સુત્રધાર હોય. આ દેવચંદ ઉર્ફે કાલો પીજીવીસીએલના સબ સ્ટેશન તથા પાણી પુરવઠાના પંપ હાઉસ તથા અલગ અલગ ઈલેકટ્રીક વાયરોના ગોડાઉન તથા સીમ વિસ્તારની પહેલાથી રેકી કરી આ જગ્યાઓ જોઈ આવી બાદમાં તેના સાગરીતોને બોલાવતા અને સાગરીતો સાથે એકસયુવી ૫૦૦ ફોરવ્હીલ તથા પીકઅપ બોલેરો ફોર વ્હીલ કારોમાં રેકી કરેલ જગ્યાઓએ જઈ, એલ્યુમિનીયમ તથા કોપરના વાયરોને કટરથી કાપી ચોરીઓ કરી ફોર વ્હીલ કારમાં ભરી ચોરીઓના ગુનાઓને અંજામ આપતા અને આ ચોરીનાં વાયરોને સાફ કરી ભંગારમાં વહેચતા હતા.

# અમરેલી સ્થિત ઓપન જેલ ખાતે નવનિર્મિત આવાસોનું લોકાર્પણ કરતા રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયા



અમરેલી સ્થિત તારવાડી ખાતે ઓપન જેલ કેમ્પસમાં ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. દ્વારા કુલ રૂ.૧ કરોડ ૮૨ લાખથી વધુના ખર્ચે પોલીસ જવાનો માટે રહેણાંક હેતુસર અદ્યતન આવાસ બિલ્ડિંગનું નિર્માણ કરવામાં આવ્યું છે. આજરોજ રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે કક્ષા બી–૭ અને ડી–૧ નવનિર્મિત આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પોલીસ જવાનોના પરિવારજનો માટે સુવિધાયુકત સાથે સુરક્ષિત ઘર મહત્વનું છે. પોલીસ જવાનો પોતાના વતનથી દૂર ફરજરત હોય છે. ત્યારે તેમને રહેણાંકની ઉત્તમ સગવડો પ્રાપ્ત થાય તે માટે ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી. સતત કાર્યરત છે. રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ ઓપન જેલ ખાતે આવાસ લોકાર્પણ પ્રસંગે જણાવ્યું કે, પોલીસ પરિવારો રાત દિવસ જોયા વિના પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવે છે. ઉપરાંત તેમનો પરિવાર સુરક્ષિત વાતાવરણ સાથે સુવિધાયુકત આવાસમાં રહે તે જરૂરી છે. રાજયમંત્રીએ નવનિર્મિત પોલીસ આવાસની મુલાકાત લીધી હતી અને નવા બનેલ આવાસમાં ગૃહપ્રવેશ માટે પોલીસ પરિવારજનોને શુભેચ્છાઓ પાઠવી હતી. અમરેલી ઓપન જેલ ખાતે કક્ષા બી–૦૭ અને ડી–૦૧ નવનિર્મિત આવાસો લોકાર્પણ પ્રસંગે જેલ અધિક્ષક સહિત પોલીસ સ્ટાફ ઉપરાંત પોલીસ પરિવારજનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી રકમ મંજુર

## અરે વાહ : બાબરા–વાસાવડ માર્ગ ઉપરના નાળા પુલિયાને ૧૯.૬૯ કરોડનાં ખર્ચે નવા બનાવાશે

### કુલ ૨૨ જેટલા નાળા–પુલીયાનુ નવિનીકરણ કરાશે



અમરેલી, તા. ૧૩

બાબરા : લાઠી, બાબરા અને દામનગર વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહેતા ધારાસભ્ય જનક તળાવિયાના અથાગ પ્રયાસોને પરિણામે બાબરા–વાસાવડ રોડ પરના પર આવેલા જુના અને જર્જરીત પથ્થરના નાળા અને પુલિયાને નવા આર.સી.સી. બનાવવાની કામગીરીનો શુભારંભ થયો છે. આ મહત્વપૂર્ણ પ્રોજેક્ટ માટે રાજય સરકારે ૧૯.૬૯ કરોડનો ખર્ચ મંજૂર કર્યો છે, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ખુશીની લહેર જોવા મળી રહી છે.

આ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તાલુકા ભાજપ પ્રમુખ હિતેશભાઈ કલકાણી, મહામંત્રી સુરેશભાઈ વાઘેલા, અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ મનસુખભાઈ, બાબરા નગરપાલીકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર, તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતીનીધી બાબુભાઈ રામાણી, મહિલા મોરચા પ્રમુખ ભાવુબેન ગોસ્વામી, સામાજીક ન્યાય સમિતીના ચેરમેન મોહનભાઈ ખુમાણ, તાલુકા પંચાયતના સભ્યો, કાર્યકર્તાઓ, આજુબાજુના ગામોના સરપંચઓ તેમજ મોટી સંખ્યામાં સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સૌએ ધારાસભ્યના આ પ્રયાસોને બિરદાવ્યા હતા અને રોડની કાયાપલટ થવાથી આવનારા સમયમાં થનારા ફાયદાઓ અંગે પોતાનો આનંદ વ્યકત કર્યો હતો.

ધારાસભ્યએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'લાઠી, બાબરા અને દામનગર પંથકના રસ્તાઓની ગુણવત્તા સુધારવી એ અમારી પ્રાથમિકતા છે. લોકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આથી, અમે રાજય સરકારમાં આ રોડના જુના અને જર્જરીત નાળા–પુલિયાના નવીનીકરણ માટે દરખાસ્ત મૂકી હતી, જે મંજૂર થતાં આજે આ કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે.' તેમણે વધુમાં ઉમેર્યુ હતું કે, આ કાર્ય ૧૯.૬૯ કરોડના ખર્ચે કરવામાં આવશે અને તેના પર આવેલા જર્જરિત ૨૨ જેટલા નાળા અને પુલિયાને આર.સી.સી.થી નવા બનાવવામાં આવશે. આનાથી રોડની મજબૂતાઈ વધશે અને વાહનચાલકોને સલામત અને સુગમ મુસાફરીનો અનુભવ થશે.



## દુઃખદ અવસાન/સાદડી

ચલાલા નિવાસી હાલ (મુંબઈ-કાંદીવલી)(ઉંમર વર્ષ-૮૪) તે હિરેનભાઈ, ચિંતનભાઈ, કશ્યપભાઈના પિતાશ્રી તેમજ સ્વ. ભાઈલાલભાઈ, કાળુભાઈ, ગુણુભાઈના નાનાભાઈ તથા પ્રવિણભાઈ, જયસુખભાઈ (દકુભાઈ), રાજુભાઈના મોટાભાઈ તથા મંજુબેન ગઢિયા, શારદાબેન માનસેતા હંસાબેન કારીયાના ભાઈ તથા પ્રશાંતભાઈ, પરીમલભાઈ, ચિંતનભાઈના મોટાબાપુજી, તથા કાંતિભાઈ (બાલાભાઈ) સોઢાનાં કાકાનાં દિકરાનું તા.૦૯/૧૨/૨૦૨૫, મંગળવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગત આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

**સ્વ. ધિરજલાલ વનમાળીદાસ સોઢા**

સ્વ. તા. ૦૯-૧૨-૨૦૨૫, માગસર-વદ-૫, મંગળવાર (ઉ.વ.૮૪)(મું.ચલાલા)

**સાદડી**

**તા.૧૫/૧૨/૨૦૨૫, સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે લોહાણા મહાજનવાડી – ચલાલા મુકામે રાખેલ છે**

લી. **સોઢા પરિવારનાં જયશ્રી કૃષ્ણ**

## શાખાનાં પુષ્પો

**શ્રી અર્જુન ગઢિયા**, અમરેલી

એક ખેડૂતે ભગવાન બુદ્ધને પોતાના ગામમાં આવવાનો આગ્રહ કર્યો. બુદ્ધએ ગામમાં પહોંચ્યા તો આખું ગામ એમના દર્શને આવ્યું પરંતુ એ જ દિવસે પેલા ખેડૂતના બળદની જોડી કયાંક ખોવાઈ ગઈ. ખેડૂત ચિંતામાં પડી ગયો કે પ્રવચન સાંભળવા જવું કે બળદોને ગોતવા. બહુ વિચાર્યા પછી એણે બળદોને શોધવાનો નિર્ણય કર્યો. કલાકોના રઝળપાટ પછી બળદો મળ્યા. બીજા દિવસે ખૂબ સંકોચ સાથે તે ભગવાન બુદ્ધ પાસે ગયો. બુદ્ધ તેની ગ્લાનિને સમજી ગયા અને બોલ્યા, 'મારી નજરે તો આ ખેડૂત જ મારો સાચોઅનુયાયી છે. એણે ઉપદેશ કરતા કર્મને વધારે મહત્વ આપ્યું છે. જો એ ગઈકાલે બળદોને શોધવાને બદલે મારૂં પ્રવચન સાંભળવા બેસત તો એને કેટલીય વાતો ન સમજાત. કારણકે એમનું મન બીજે જ ભટકતું હોત. એને કર્મને મહત્વ આપી પ્રશંસનીય કાર્ય કર્યુ છે.

**સોડમ :** વ્યકિત માટે કર્મથી શ્રેષ્ઠ બીજું કંઈ નથી. કર્તવ્ય પાલન એ જ ધર્મપાલન છે.

## ૧૪ ડીસેમ્બર, "રાષ્ટ્રીય ઉર્જા સંરક્ષણ દિવસ" પ્રતિ ક્ષણ ઉર્જાનાં રક્ષણ થકી જ શકય "ઉર્જા સંરક્ષણ"

અમરેલી, તા. ૧૩

વિશ્વની વધતી જતી જનસંખ્યાની સાથે ઊર્જાની જરૂરિયાત પણ વધતી જાય છે. સામાન્ય જીવનમાં આપણે ઘણા બધા ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીએ છીએ જેમ કે વીજળી. વીજળી સામાન્ય જનજીવનની જરૂરિયાત છે. વીજળી વગરનું જીવન આજના લોકો માટે શકય નથી. આપણી આસપાસ નજર કરીએ તો ખ્યાલ પડે કે એવી એક પણ ક્ષણ નથી કે જયારે આપણે વીજળીનો પ્રયોગ ન કરતા હોઈએ. સીધી કે આડકતરી રીતે લોકોને હવે સતત એના સંપર્કમાં રેહવું જ પડે છે.

ભારતમાં બળતણ તરીકે લાકડાનો ઉપયોગ થાય છે. અશ્મિભૂત ઈંધણ (ઘણા વર્ષોની જહેમત બાદ પ્રાપ્ત થતું ઈંધણ જેનો વપરાશ કર્યા બાદ તે ઝડપતી પ્રાપ્ત થઈ શકતું નથી.), ક્રૂડ તેલ, કોલસો, કુદરતી ગેસ વગેરે રોજિંદા જીવનમાં ઉપયોગ માટે પૂરતી ઊર્જા ઉત્પન્ન કરે છે પરંતુ તેમની માટે વધતી માંગને કારણે કુદરતી સંસાધનોમાં ભવિષ્યમાં તેની અછત સર્જાઈ શકે છે. ઊર્જા સંરક્ષણ દ્વારા ઊર્જાની બચત કરી શકાય છે. આ ઊર્જા સ્ત્રોતોને બચાવવા માટે ભારત સરકાર દ્વારા ૧૪ ડિસેમ્બર, ૧૯૯૧નાં વર્ષથી "રાષ્ટ્રીય ઊર્જા સંરક્ષણ દિવસ" ઉજવવમાં આવે છે. ભારત સરકાર દ્વારા આ માટે કેટલીક યોજનાઓ પણ ઘડવામાં આવી છે જેમ કે પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, સૂર્ય શકિત કિસાન યોજના, સૂર્ય કૂકર યોજના વગેરે. ઊર્જા સંરક્ષણ દિવસનો મુખ્ય હેતુ પુનઃ અપ્રાપ્ય ઊર્જા સ્ત્રોતોને



બચાવવાનો છે. તેનાં માટે ઘણા પગલા લઈ શકાય છે :

– વીજળીનો જરૂરિયાત પૂરતો જ ઉપયોગ કરવો. જયાં ત્યાં લાઈટ અને પંખા ચાલુ હોય ત્યાં બંધ કરી દેવા અને ઈલેકટ્રીસીટી ઓછી વાપરે તેવા વાયરોનો ઉપયોગ કરવો જોઈએ.

– લાકડાનો ઉપયોગ ભારતમાં ઈંધણ તરીકે કરવામાં આવે છે. ગામડામાં મોટાભાગના લોકો ખોરાક રાંધવા માટે પણ લાકડાનો ઉપયોગ કરે છે. જો એલપીજીનો ઉપયોગ ખોરાક રાંધવા માટે કરવામાં આવે તો લાકડાનો બચાવ થઈ શકે છે.

– હંમેશા આઈએસઆઈ સ્ટેમ્પ્ડ પાવર ટૂલ્સવાળા વીજળી સાધનોનો ઉપયોગ કરવો.

– સોલાર ઊર્જાના ઉપયોગથી વીજળી અને અશ્મિભૂત ઈંધણનો બચાવ કરી શકીએ છીએ. સુર્યકુકરથી ભોજન બનાવી શકીએ છીએ. સોલાર બેટરી દ્વારા વીજળીનો પણ બચાવ કરી શકીએ છીએ.

– બળતણ માટે ગાયનાં છાણનો પણ ઉપયોગ કરી શકાય છે.

– પાણીનો વધુ પડતો વેડફાટ ન કરતા જરૂર પડે ત્યાં જ પાણીનો ઉપયોગ કરવો.

**– મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## અમરેલીમાં તા. ૨૧ ડિસેમ્બરે કોથળા દોડ, રસ્સા ખેંચ સહિતની જિલ્લા કક્ષાની રમત સ્પર્ધાઓ યોજાશે

અમરેલી, તા. ૧૩

ભારતની મૂળ રમતો અને વિની રમતોને પ્રોત્સાહિત કરવા, યુવાનોની ભાગીદારી વધારવા તથા ફિટ ઈન્ડિયા આંદોલનના સમર્થનમાં સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫નું આયોજન અમરેલી જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા તા. ૮.૧૨.૨૦૨૫ થી તા. ૧૫.૧૨. ૨૦૨૫ સુધી તમામ તાલુકામાં ૪ રમતો (રસ્સાખેંચ, ચેસ, ખો–ખો, કોથળા દોડ)નું આયોજન હાથ ધરવામાં આવ્યુ હતુ. જેમાં તાલુકા કક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓ માટે જિલ્લા કક્ષાએ અમરેલી સ્થિત સરદાર પટેલ રમત સંકુલ ખાતે તા. ૨૧ ડિસેમ્બર, ૨૦૨૫ સમય સવારે ૭ : ૩૦ વાગ્યે કોથળા દોડ, રસ્સાખેંચ સહિતની સ્પર્ધાઓ યાજાશે. જેમાં કોથળા દોડ (કન્વીનર રવિભાઈ નાવડિયા મો. ૭૯૯૦૧ ૨૧૩૪૨), રસ્સાખેંચ (કન્વીનર પી.ડી. મિયાણી મો. ૯૪૨૬૨૫૫૨૦૭), ચેસ (કન્વીનર ભગીરથસિંહ જાડેજા મો. ૯૯૦૯૩ ૯૬૫૧૧), ખો–ખો (કન્વીનર પી.ડી. મિયાણી મો. ૯૪૨૬૨૫૫૨૦૭) સહિતની સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### ભારતીય રિઝર્વ બેન્ક – અમદાવાદ દ્વારા

## અમરેલી ખાતે અંધજન શાળામાં નાણાકીય સાક્ષરતા શિબિરનું આયોજન કરાયું

### પ્રજ્ઞાચક્ષુઓને વિવિધ જાણકારી આપવામાં આવી

અમરેલી, તા. ૧૩

અમરેલી ખાતે ચિત્તલ રોડ ઉપર આવેલઅંધજન શાળામાં ગત તારીખ ૧૧ના રોજ ભારતીય રિઝર્વ બેન્ક અમદાવાદના નાણાકીય સમાવેશન અને વિકાસ વિભાગ દ્વારા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ તેમજ બહેનો માટે નાણાકીય સાક્ષરતા માટે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આર.બી.આઈ. આસિસ્ટન્ટ જનરલ મેનેજર ભુપેન્દ્ર ત્રિપાઠી દ્વારા પ્રજ્ઞાચક્ષુ માટેની વિવિધ યોજના વિશે, અસરકારક અને રસપ્રદ વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. તથા બેન્કીંગ ઓમ્બૂડસમેનને લગતાં આર.બી.આઈ.ના નિયમો અને શરતો વિશે માહિતી આપવામા આવી હતી. બેંકની સરકારી યોજના તેમજ ઓનલાઈન થતા ફ્રોડથી બચવા શું સાવધાની રાખવી તેની પણ સમજ આપવામાં આવી હતી.

આ તાલીમ સેશન પૂર્ણ થયા બાદ પ્રશ્નોતરી સેશન કરવામાં આવ્યો હતો તેમાં તાલીમ દરમ્યાન શીખવાડેલ માહિતીના પ્રજ્ઞાચક્ષુ ભાઈ બહેનોને પ્રશ્નો પૂછવામાં આવ્યાં હતાં. સાચાં જવાબ આપેલ ભાઈ, બહેનોને આર.બી.આઈ. તરફથી ઈનામ પણ વિતરણ કરવામાં આવ્યા હતાં.



એફ.એલ.સી. પિયુષ શાહ દ્વારા નાણાંકીય સાવચેતી, બેન્ક ખાતાનું પરિચલન, સરકારની ઓછા પ્રિમિયમની અકસ્માત અને જીવન વીમા, અટલ પેન્શન યોજના વિગેરેની જાણકારી આપવામાં આવી હતી. શિબિર દરમિયાન ૭૫ જેટલા ભાઈ બહેનો (૫૨ દિવ્યાંગજન અને ૨૮ અલ્પમતિ) હાજર રહ્યા હતા. તાલીમના અંતમાં તમામ ભાઈ બહેનોને આર.બી.આઈ. તરફથી ઉપયોગી કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતુ.

આ કાર્યક્રમમાં આર.બી.આઈ. અમદાવાદથી આસિસ્ટન્ટ જનરલ મેનેજર ભુપેન્દ્ર ત્રિપાઠી, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી નયનાબેન, સંસ્થાના સેક્રેટરી દિલીપભાઈ પરીખ તેમજ એફ.એલ.સી. પિયુષ શાહ તથા શાળાનો સ્ટાફ તેમજ અંધજન શાળા તેમજ મંદબુદ્ધિ શાળાના વિદ્યાર્થી મિત્રો હાજર રહ્યા હતા.

# અમરેલી પી.જી.વી.સી.એલ. વર્તુળ કચેરી દ્વારા આયોજિત 'વીજળી બચત' જનજાગૃતિ રેલીનું પ્રસ્થાન કરાવતા રાજયમંત્રી કૌશિક વેકરીયા



સમગ્ર રાજયમાં જનસમુદાયને વીજ સલામતી માટે માહિતી મળે ઉપરાંત સતર્કતા વધારવાના ઉમદા ઉદ્દેશ સાથે તા. ૦૮ ડિસેમ્બરથી તા. ૧૩ ડિસેમ્બર,૨૦૨૫ સુધી સલામતી સપ્તાહની ઉજવણી હાથ ધરવામાં આવી છે. આજરોજ રાજયના ઉર્જા, કાયદો અને ન્યાય, વૈધાનિક અને સંસદીય બાબતોના રાજયમંત્રી કૌશિકભાઈ વેકરીયાએ અમરેલી પી.જી.વી.સી.એલ (પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.) વર્તુળ કચેરી દ્વારા આયોજિત 'વીજળી બચત' જનજાગૃત્તિ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, અમરેલીના સરદાર સર્કલથી હરિરામ બાપા ચોક સહિતના વિસ્તારોમાં 'વીજળી બચત' જનજાગૃત્તિ રેલીનું સફળ આયોજન હાથ ધરીને વીજળી બચત અને સતર્કતા મુદ્દે જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવી હતી. સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત ગત તા. ૦૮ ડિસેમ્બરના રોજ અકસ્માત નિવારણ માટે નમુનારૂપ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ દરેક દિવસની થીમ મુજબ અકસ્માત નિવારણ માટે ફીટર પરીક્ષણ અને સમારકામ, વિદ્યાર્થીઓમાં પણ જાગૃત્તિ વધે તે માટે ચિત્ર, નિબંધ અને વકૃત્વ સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહભેર વિવિધ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. અમરેલી ખાતે સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત 'વીજળી બચત' જનજાગૃત્તિ રેલીના માધ્યમથી અમરેલીના સ્થાનિક અગ્રણીઓ, પી.જી.વી.સી.એલ વર્તુળ કચેરીના ઉચ્ચ અધિકારીઓ, ઈજનેરઓ, બહોળી સંખ્યામાં કર્મચારીઓએ ભાગ લઈને 'વીજ વિકાસનો પ્રાણ એની બચત એ જ કલ્યાણ' સહિતના સૂત્રોચ્ચાર સાથે જનજાગૃત્તિ પ્રસરાવી હતી.




## રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનાં ગુજરાતમાં દેશી–વિદેશી દારૂની રેલમછેલ

# બાબરાનાં ગળકોટડીમાંથી વિદેશી દારૂની ૧૭૨૮૦ બોટલ ઝડપાઈ

### ગામનાં ખુલ્લા ખેતરમાં વિદેશી બનાવટની દારૂની હજારો બોટલ ઝડપાતા ખળભળાટ

### સ્ટેટ મોનિટરીંગ સેલ દ્વારા ૨ વાહનો, ૭ મોબાઈલ સાથે ૫ ઈસમોની અટકાયત કરવામાં આવી

### વાહનચાલક, માલિક સહિત અન્ય ૭ ઈસમો નાસી છુટતા શોધખોળ શરૂ

### પોલીસે કુલ રૂપિયા ૯૫ લાખ ૨૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી શરૂ કરી


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૧૩

સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરના પોલીસ સ્ટાફ ગઈકાલે ભાવનગર તથા અમરેલી જિલ્લા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ધોળા ગામની સીમ ભાવનગર–રાજકોટ રોડ ઉપરથી પસાર થતાં હતા. દરમ્યાન તેઓને અંગત બાતમીદારથી ખાનગી રાહે બાતમી હકકીત મળેલ કે બાબરા તાલુકાના ગળકોટડી ગામની સીમમાં હોટલ દેવાંગી નજીક આવેલ ભવાની બાપુના મંદિરની પાછળ આવેલ પથ્થરની કવોરી નજીક અવાવરૂ જગ્યામાં સફેદ તથા મરૂન અને પાછળના ભાગે પીળા કલરનો બંધ બોડીનું કન્ટેનર રજીસ્ટર નં. એનએસ–૦૧ એન–૩૦૪૪ માં અમરેલીનાં લાઠી રોડ ઉપર રણજીત ધાધલ અને રાજસ્થાનમાં રહેતા અજય રબારીએ બહારના રાજયમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી તેમના મળતીયા મારફતે દારૂનું કટીંગ કરાવે છે અને હાલ આ દારૂનું કટીંગ ચાલુ છે તેવી હકીકત મેળલ. જે બાતમી મળતાં સ્ટેટ મોનીટરીંગ સેલના સ્ટાફ દ્વારા બાતમીવાળી જગ્યાએ ગઈકાલ મોડી રાત્રિનાં સમયે દરોડો કરી આરોપી બનાસકાંઠાના અશોકભાઈ



હમીરભાઈ પટેલ, લીલીયા તાલુકાના ખારા ગામે રહેતા ભરતભાઈ પોપટભાઈ ગરણીયા, લાઠી તાલુકાના શેખપીપરીયા ગામે રહેતા નિકુંજ અમરાભાઈ ગરણીયા, દાહોદ પંથકના પોપટભાઈ બળવંતભાઈ બામણીયા, અલ્કેશ ભરતભાઈ હટીલા, લીલીયા ગામે રહેતા રણજીત જેતુભાઈ ધાધલ સહિત ૫ આરોપીઓને ભારતીય બનાવટનો વિદેશી દારૂની પ્લાસ્ટીકની તથા કાચની નાની–મોટી બોટલો નંગ ૧૭,૨૮૦ કિંમત રૂપિયા ૬૨,૬૯,૮૪૦ તથા પ્રોહી મુદામાલ હેરફેર કરવા માટે ઉપયોગમાં લીધેલ વાહન કન્ટેનર નં. એનએલ–૦૧

અનુસંધાન પાના ૬ ઉપર

















સ્થાપના વર્ષ: ૧૯૫૯

અમરેલી જિલ્લા વિધાસભા સંચાલિત

**શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ**

વિધાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક: 909-909-8220

જ્ઞાનશક્તિ સ્કૂલ, પૂર્વ-પ્રાથમિક, પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (નર્સરી થી ધો:12 સાયન્સ-કોમર્સ-આર્ટસ) ગુજરાતી માધ્યમ, અંગ્રેજી માધ્યમ અને મિશ્ર માધ્યમ

**શૈક્ષણિક સંસ્થામાં પ્રતિભાશાળી સ્ટાફ જોઈએ છે.** આકર્ષક પગારથી

| ક્રમ | વિષય | લાયકાત |
| --- | --- | --- |
| 1. | કો-ઓર્ડીનેટર | શાળાકીય વિષયોમાં સ્નાતક+B.Ed. લાયકાત સાથે 5 વર્ષનો અનુભવ |
| 2. | ગણિત/ વિજ્ઞાન | B.Sc./M.Sc.,B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 3. | અંગ્રેજી/ સંસ્કૃત | B.A./M.A., B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 4. | સામાજીક વિજ્ઞાન | B.A./M.A., B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 5. | હિન્દી/ ગુજરાતી | B.A./M.A., B.Ed. સાથે 2 વર્ષનો અનુભવ |
| 6. | આર્ટ એન્ડ ક્રાફ્ટ | A.T.D. અને ફાઈન આર્ટ્સ |
| 7. | સ્પોર્ટ્સ ટીચર | B.P.Ed./ D.P.Ed. સાથે અનુભવ |
| 8. | ગૃહમાતા/ ગૃહપતિ | સંપૂર્ણ રીતે છાત્રાલય વ્યવસ્થાપનનાં અનુભવી |
| 9. | સાયન્સ પ્રવાહ | B.Sc./M.Sc. B.ed. Physics/Chemistry/Biology/Maths સાથે 2 વર્ષનો અનુભવ |
| 10. | કમ્પ્યુટર ટીચર | PGDCA/ BCA/ B.SC. IT સાથે અનુભવ |
| 11. | કોમર્સ પ્રવાહ | B.Com./M.Com. B.Ed. A.C./State સાથે 2 વર્ષનો અનુભવ |
| 12. | નોન- ટીચિંગ સ્ટાફ | ગ્રેજ્યુએશન + કમ્પ્યુટરના જાણકાર સાથે 1 વર્ષનો ઓફીસ વર્કનો અનુભવ |

શૈક્ષણિક સ્ટાફ: T.E.T/ T.A.T. પાસ ઉમેદવારોને પ્રાથમિકતા આપવામાં આવશે.

ઉમેદવારો માટે: (૧)સરકારી ધારા ધોરણ મુજબ લાયકાત (૨) અંગ્રેજી ભાષા પર સારો કમાન્ડ જરૂરી (૩) લાયક ઉમેદવાર માટે આકર્ષક પગાર (૪) શિક્ષકો માટે તાલીમ ફરજીયાત (૫) કમ્પ્યુટર અને ઇન્ટરનેટનું સારું જ્ઞાન જરૂરી (૬) વિશિષ્ટ લાયકાત અને બહોળો અનુભવ ધરાવતા કેન્ડીડેટ ને અગ્રીમતા આપવામાં આવશે. (૭) બહારથી આવતા કેન્ડીડેટને માટે રહેવા- જમવાની વ્યવસ્થા આપવામાં આવશે. (૮) તમારી અરજી સંબંધિત તમામ શૈક્ષણિક દસ્તાવેજો સાથે તમારું CV/Resume ઈ-મેઈલ કરો અથવા અમારી સંસ્થાની રૂબરૂ મુલાકાત લો.

vidyasabhaofficial@gmail.com www.vidyasabha.com 909-909-8220








*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)